# ગુજરાતમાં એક જ વર્ષમાં માર્ગ અકસ્માતોની ૨૮૯૩ ઘટનામાં ૧૫૨૯ માનવ જિંદગી હોમાઈ

## હિટ એન્ડ રનના વધતા જતાં બનાવો રોકવા રાજ્ય સરકાર નીતિ ઘડે : સમગ્ર દેશમાં હિટ એન્ડ રનની ઘટનામાં મોતના બનાવમાં ગુજરાત છઠ્ઠા ક્રમે

અમદાવાદ તા.૨૪

ભારત દેશમાં રોડ એક્સિડન્ટના અહેવાલમાં સમગ્ર દેશમાં 'હીટ એન્ડ રન'ની ઘટનામાં ૨૯,૩૫૪ નાગરિકોએ જીવ ગુમાવ્યોછે અને ૬૭,૭૫૧ નાગરિકો ઘાયલ થયા છે ત્યારે, રોડ અકસ્માત રોકવા અને માનવ જીંદગીને બચાવવા માટે સરકાર નીતિ ઘડે તેવી માંગ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવકતા ડો.મનિષ દોશીએ કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં ૨૦૧૭માં ૧૭.૫ ટકા, ૨૦૧૮માં ૧૮.૯ ટકા અને ૨૦૧૯માં ૧૯.૪ ટકા બનાવોમાં મોતની સખ્યામાં સતત વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૭માં ૧૪ ટકા વર્ષ ૨૦૧૯માં ૧૫.૫ ટકા હીટ એન્ડ રન કેસમાં વધારો નોંધાયો છે. માત્ર એક વર્ષમાં ગુજરાતમાં હીટ એન્ડ રનમાં ૨૮૯૩ ઘટનામાં ૧૫૨૯ નાગરિકોએ માનવ જિંદગી ગુમાવી છે.

હીટ એન્ડ રનની ઘટનામાં ગુજરાતનો ક્રમાંક સાતમો છે જ્યારે હીટ એન્ડ રનની ઘટનામાં માનવ જીંદગી મોત થવામાં ગુજરાતનો ક્રમાંક છઠ્ઠો છે. રાજ્યમાં કરોડો રૂપિયાના ખર્ચે બનતા જાહેર રસ્તાઓ, હાઈવેની

| રાજ્ય | હિટ એન્ડ રન | માનવ મોત |
|---|---|---|
| મધ્યપ્રદેશ | ૧૩,૫૫૦ | ૩૪૯૫ |
| મહારાષ્ટ્ર | ૮,૫૭૫ | ૩,૬૧૭ |
| ઉત્તરપ્રદેશ | ૭,૭૭૮ | ૪,૨૯૯ |
| રાજસ્થાન | ૭,૭૪૧ | ૩,૩૧૪ |
| બિહાર | ૪,૦૨૩ | ૩,૧૦૪ |
| તામિલનાડુ | ૩,૬૭૦ | ૮૬૪ |
| ગુજરાત | ૨,૮૯૩ | ૧,૫૨૯ |
| હરિયાણા | ૨,૭૬૦ | ૧,૪૦૬ |
| તેલંગાણા | ૨,૩૦૦ | ૭૪૯ |
| છત્તીસગઢ | ૨,૨૮૦ | ૯૯૨ |

ગુણવત્તા ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

રાજ્ય સરકાર વાહનચાલકો પાસેથી રોડટેક્ષ પેટે કરોડો રૂપિયા ઉઘરાવે છે સાથો સાથ અન્યવેરામાં -સેસ પેટે પણ કરોડો રૂપિયાવસુલે છે ત્યારે સલામત રસ્તા માટે રાજ્ય સરકાર ગંભીર બને અને માનવ જીંદગીને બચાવે.

# રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના બહિષ્કાર વચ્ચે આજે શિક્ષક સજ્જતા સર્વેક્ષણમાં ૧.૧૮ લાખ શિક્ષકો જોડાયા હોવાનો સરકારનો દાવો

અમદાવાદ તા.૨૪

ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષકો માટે આજે શિક્ષક સજ્જતા સર્વેક્ષણ શિક્ષકોના બહિષ્કાર વચ્ચે યોજાશે. સમગ્ર રાજ્યના ૧.૮૦ લાખ પ્રાથમિક શિક્ષકો પૈકી ૧.૧૮ લાખ જેટલા શિક્ષકોએ સર્વેક્ષણમાં જોડાવવા સંમતિ આપી હોવાનો સરકારે દાવો કર્યો છે. જ્યારે બીજી બાજુ રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ દ્વારા મોટાભાગના શિક્ષકો સર્વેક્ષણનો બહિષ્કાર કરશે તેવો દાવો કર્યો છે. આમ, સર્વેક્ષણને લઈને શિક્ષણ જગતમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. સર્વેક્ષણનો બહિષ્કાર કરનારા શિક્ષકોના પરિવાર આજે ઉપવાસ કરી પોતાનો વિરોધ નોંધાવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયમાં મંગળવારના રોજ પ્રાથમિક શિક્ષકો માટે શિક્ષક સજ્જતા સર્વેક્ષણ લેવાની શિક્ષણ વિભાગ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત સાથે જ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મેદાનમાં પડ્યું હતું અને સર્વેક્ષણ એ શિક્ષકોના અપમાન સમાન હોઈ તેને રદ કરવા માટે રજૂઆત કરી હતી. જોકે, રજૂઆત બાદ પણ આ સર્વેક્ષણ રદ કરવામાં ન આવતા અંતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે શિક્ષક સજ્જતા સર્વેક્ષણનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો. આ બહિષ્કારના પગલે રાજયના અન્ય પ્રાથમિક શિક્ષક સંઘ પણ મેદાનમાં આવ્યું હતું અને સર્વેક્ષણની તરફેણ કરી વધુમાં વધુ શિક્ષકો સર્વેક્ષણમાં જોડાય તે માટે અપીલ કરી હતી. રાજ્યમાં ૧.૮૦ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકો આવેલા છે. જે પૈકી ૧.૧૮ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકોએ સર્વેક્ષણ માટે હોલ ટિકીટ ડાઉનલોડ કરી પોતાની સંમતિ દર્શાવી હોવાનું જાણવા મળે છે. આમ, દેખિતી રીતે જ ૬૨ હજાર જેટલા શિક્ષકો આ સર્વેક્ષણમાં ભાગ લેવાના નહોવાનું સામે આવ્યું છે. સર્વેક્ષણ મરજિયાત હોવા છતાં મહત્તમ શિક્ષકો તેમાં ભાગ લે તેવા પ્રયાસો થયા હતા. જેમાં ખોટી રીતે હોલ ટિકીટ ડાઉનલોડ થઈ હોવાનો આક્ષેપ પણ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા કરવામાં આવ્યો હતો. દરમ્યાન રાજ્યમાં મંગળવારે શિક્ષક સજ્જતા સર્વેક્ષણ યોજવા સરકાર મક્કમ છે, તો સામે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પણ બહિષ્કારને લઈને મક્કમ હોવાનું જાણવા મળે છે. જ્યારે પ્રાથમિક શિક્ષક સંઘ તેની તરફેણમાં છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા અપાયેલા બહિષ્કારના પગલે શિક્ષકોના પરિવારો ઉપવાસ કરી વિરોધ નોંધાવશે.

### સર્વેક્ષણને લઈને સ્કૂલોના સમયમાં ફેરફાર કરાયો

સર્વેક્ષણને લઈને રાજયની સ્કૂલોના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયની તમામ સરકારી પ્રાથમિક સ્કૂલોને સમય એક સમાન રહે તે માટે પરીક્ષા પહેલા પરિપત્ર કરી સુચના બહાર પાડવામાં આવી છે. ઉપરાંત જે શિક્ષકો સર્વેક્ષણમાં ભાગ ન લે તેમણે ઓનલાઈન પોર્ટલ ઉપર હાજરી દર્શાવવાની રહેશે તેવી સુચના પણ અપાઈ છે. રાજયમાં ૨૪ ઓગસ્ટના રોજ લેવાનારી શિક્ષક સજ્જતા સર્વેક્ષણ મરજિયાત છે, પરંતુ શિક્ષકોનો શાળાનો સમય અલગ અલગ ન રહે તે હેતુથી આજે ૨૪ ઓગસ્ટના રોજ રાજ્યની તમામ સરકારી પ્રાથમિક સ્કૂલોનો સમય બપોરના ૧૨ વાગ્યાથી ૪-૩૦ વાગ્યા સુધીનો રહેશે. આ ઉપરાંત જે શિક્ષકો આ સર્વેક્ષણમાં ભાગ લે તેઓએ ઓનલાઈન પોર્ટલમાં ઓન ડયૂટી દર્શાવવાની રહેશે. જે શિક્ષકો સર્વેક્ષણમાં ભાગ ન લે તેઓએ ઓનલાઈ પોર્ટલમાં હાજરી દર્શાવવાની રહેશે. આ સૂચનાની જાણ દરેક શાળાના આચાર્યોને કરવા માટે રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને કરી દેવા જણાવાયું છે.

# 'ખાટલા' અને 'બાટલા' ન પહોંચાડી શકે એણે સત્તાનાં પાટલે બેસવાનો અધિકાર નથી : વિપક્ષી નેતા

ગાંધીનગર તા.૨૪

ગુજરાતમાં કોરોના વાયરસની મહામારી દરમ્યાન લોકોને કોરોનાની સારવાર મેળવવામાં ભારે તકલીફોનો સામનો કરવો પડ્યો હોવાની ફરિયાદો ઊઠી હતી. ત્યારે અમરેલી આવેલા કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ પણ કોરોનાની બીજી લહેર દરમ્યાન લોકોને ખાટલા-બાટલા મેળવવામાં તકલીફો પડી હોવાનો સ્વીકાર કર્યો હતો. આ સમયે ડોક્ટર્સ અને પેરામેડિકલ સ્ટાફને પડેલી તકલીફ અંગે તેમણે માંફી પણ માંગી હતી. કેન્દ્રીય મંત્રીએ શાંતાબા મેડિકલ કોલેજમાં પોતાના સંબોધન દરમ્યાન સ્વીકાર કર્યો હતો કે, કોરોનાની બીજી લહેર દરમ્યાન મેંપણ ખાટલા-બાટલા માટે ફોન કર્યા હતા.

હું પણ કહેતો હતો કે, શું એક ખાટલો ના મળે ? પોતાના સંબોધનમાં રૂપાલાએ કહ્યું હતું કે, મારી જેમ અન્ય લોકોએ પણ પોતાના સ્વજન માટે સુવિધા માંગવા ફોન કર્યા હશે જેના કારણે તબીબી સ્ટાફને તકલીફો પણ પડી હશે. અમરેલીમાં કોરોનાની બીજી લહેર દરમ્યાન ખાટલા અને બાટલા મુદ્દે કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ આપેલા નિવેદનને લઈ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ ટ્વિટ કરી સવાલ ઊઠાવ્યો હતો. ધાનાણીએ કટાક્ષ કરતા લખ્યું કે, 'માફી નહીં, માનવવધનો ખટલો ચલાવો' સાહેબ, 'મહાણે લોખંડની ખાટલી' ઓગળી તોય 'અહંકારી રાજની પાટલી' તો 'ના' જ પીગળી! હવે કહેતા જાજો સરકારનો કે જે કોરોના મહામારીમાં દવાખાને 'ખાટલા' અને ઓક્સિજનના 'બાટલા' પણ 'ના' પહોંચાડી શકે, એણે 'સત્તાના પાટલે' બેસવાનો કોઈ અધિકાર નથી !

# સરકારની નવી હોલમાર્ક પોલીસીનો ખંભાળિયામાં પણ વિરોધ, એસોસિએશન દ્વારા હડતાળ

## ઓખામંડળના વેપારીઓ પણ જોડાયા : કલેકટર–સાંસદને લેખિત રજૂઆતો



જામખંભાળિયા તા.૨૪

સોનાના દાગીના ઉપર હોલમાર્કિંગ અને યૂનિક આઈડી એટલે કે એચ.યુ.આઈ.ડી.ને લઈને ખંભાળિયા, દેવભૂમિ દ્વારકા જિલ્લા સહિતના દેશભરમાં ભારે રોષની લાગણી જોવા મળી છે. જેના ફળ સ્વરૂપે ગઈકાલે સોમવારે ખંભાળિયાના સોના ચાંદીના વેપારીઓ તથા કારીગર એસોસિએશન દ્વારા એક દિવસની હડતાળ પાડવામાં આવી હતી. ગત તારીખ ૧ જુલાઈથી બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા લાગુ કરવામાં આવેલા એચ.યુ.આઈ.ડી.ના નિયમોથી હોલમાર્ક લાયસન્સ ધરાવતા વેપારીઓને વ્યાપક અગવડ પડતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સરકાર દ્વારા થોડા સમય પૂર્વે ફરજિયાત પણે એચ.યુ.આઈ.ડી.ના કાયદાનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે સરકાર અને તંત્ર દ્વારા ગ્રાહકોને ટ્રેક કરવામાં આવતા હોવાની જ્વેલર્સની ફરિયાદ છે. જેને અયોગ્ય ગણવામાં આવી છે. આ ઉપરાંત દેશમાં એચ.યુ.આઈ.ડી. માટેના પૂરતા સેન્ટરો નહીં હોવાના કારણે દાગીના તૈયાર કરવામાં આવે અને તેના એચ.યુ.આઈ.ડી. માટે મોકલવામાં આવે ત્યારે આ અઠવાડિયું રાહ જોવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે.

જેમાં ગ્રાહક આટલો સમય રાહ ન જુએ તો જ્વેલર્સ ધંધાને માઠી અસર પહોંચી શકે છે. દેશભરમાંથી આ કાયદાનો વ્યાપક વિરોધ ઉઠવા પામ્યો છે. જેમાં ખંભાળિયા સોના ચાંદી વેપારી, કારીગર એસોસિએશન દ્વારા પણ સખત વિરોધ કરવામાં આવ્યો છે. અહીંના આશરે ૨૦૦ જેટલા સોના-ચાંદીના વેપારીઓ– કારીગરોએ આજરોજ હડતાલ પાડી હતી અને એસોસિએશનના પ્રમુખ દીવુભાઈ સોની, દિલીપભાઈ ઘઘડા, નવનીતભાઈ મૂળજીભાઈ વારીયા, દિપકભાઈ ચોકસી સહિતના વેપારીઓની એક મિટિંગ યોજાયા બાદ આ મુદ્દે અહીંના જિલ્લા કલેકટર એમ.એ. પંડયા તથા જિલ્લા સાંસદ પૂનમબેન માડમને પણ સવિસ્તૃત લેખિત રજૂઆતો કરી, આ કાયદામાં અતિરેકના કારણે વેપારીઓના ધંધાને માઠી અસર પહોંચવા તેમજ નાની સરખી ભૂલ માટે આકરા દંડની જોગવાઈથી વેપારીઓને વ્યાપક હાલાકી થશે તેવી દહેશત વ્યક્ત કરી છે. આ મુદ્દે વેપારીઓએ હોલમાર્કિંગને આવકાર્ય ગણાવ્યું છે. જયારે એચ.યુ.આઈ.ડી.નો કાળો કાયદો રદ કરવાની માંગણી કરવામાં આવી છે. આ આંદોલનનામાં ઓખામંડળનું સોની એસોસીએશન પણ જોડાયું હતું.

# જૂનાગઢ : મારી સામે કેમ જુએ છે તેમ કહી હુમલો કર્યો

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢનાં ખામધ્રોળ રોડ ઉપર હર્ષનગરનાં નાકે ઈર્શાદભાઈ ઈકબાલભાઈ શમા ગત તા.૨૦નાં રોજ રાત્રીનાં સમયે બેઠેલ હોય ત્યારે આરોપી ઈમરાનખાન મહેફુસખાન પઠાણ મોટર સાયકલ લઈને નીકળતા ઈર્શાદભાઈએ તેની સામે જોતા આરોપીએ જુની વાતનું મનદુઃખ રાખી તું મારી સામે કેમ જુએ છે તેમ કહી થપ્પડ મારી દીધેલ અને તેનો કાંઠલો પકડી જમીન ઉપર ઢસડી નખ વડે ઈજા કરેલ તેમજ પ્લાસ્ટીકનાં પાઈપ વડે માર માર્યો હતો આ અંગે તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ અને ચોરવાડમાંથી ઈંગ્લીશ દારૂ ઝડપાયો

જૂનાગઢ તા. ૨૪


જૂનાગઢ એ ડીવીઝન પોલીસે દાતાર રોડ ઉપર રહેતા સરવર મહેબુબભાઈ મકરાણીના મકાનમાંથી વિદેશી દારૂની ૪ બોટલ ઝડપી લઈ આરોપી વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. જયારે ચોરવાડ પોલીસે રામવાવ ચોકમાંથી ભરતભાઈ ઉર્ફે ગટો પુનાભાઈ ચુડાસમાનાં કબ્જામાંથી ભારતીય બનાવટની દારૂની ૧૪ બોટલ કબ્જે કરી તેની વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ : મશ્કરી અંગે સમજાવવા જતાં આધેડ ઉપર તલવારથી હુમલો

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢનાં ધારાગઢ દરવાજા પાસે રહેતા ગુલામહુસેન મીંયા કાદરીનાં પુત્રની આદિલ બાદશાહ મશ્કરી કરતો હોય જે અંગે તેને ઘરે સમજાવવા ગયેલ અને ત્યાંથી પરત ઘરે આવેલ દરમ્યાન આરોપીઓ આદિલ બાદશાહ, તેના પિતા અને અન્ય બે અજાણ્યા ઈસમોએ ગુલામહુસેનભાઈનાં ઘરે આવી ઢીકાપાટુનો માર મારી તલવારથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. આ બનાવમાં એ ડીવીઝન પોલીસે ચારેય વિરૂધ્ધ ફરીયાદ નોંધી હતી.


# કાલે પોરબંદરમાં પૂ. ભાઈશ્રીનાં જન્મદિન નિમિતે વિનામૂલ્યે સર્વરોગ નિદાન સારવાર કેમ્પ



જૂનાગઢ તા.૨૪

પોરબંદર ખાતે પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનો આગામી ૩૧ ઓગસ્ટનાં રોજ ૬૪મો જન્મ દિવસ હોય જે નિમિતે સેવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે અંતગર્ત આગામી તા.૨૫ને બુધવાર આવતી કાલે સવારે૯ઃ૩૦થી ૧૨ઃ૩૦ કલાકે પોરબંદરનાં ફિજી છાત્રાલય વાઘેશ્વરી પ્લોટ ડો. જાડેજાની હોસ્પિટલ સામે વિનામૂલ્યે સુપર સ્ટેશ્યાલીટી નિદાન અને સરવાર કેમ્પ યોજાનાર છે. જેમાં નામાંકિત ડોકટરોની ટીમ સેવા આપશે. તેમાં ડો. તેજસ પંડયા (હૃદય રોગ નિષ્ણાંત) સિનાર્જી હોસ્પીટલ રાજકોટ, સમીર લોઢીયા , નિતીન રામાણી, ડો. નિયતી ભલાણી, ડો.વિકી પેથાપરા, રાજકોટ અને જૂનાગઢ ચામડીનાં રોગનાં નિષ્ણાંત ડો. શ્યામ માકડીયા, ડો. મોહિત જોષી, માનસિક રોગનાં નિષ્ણાંત પોરબંદર દાતને લગતા રોગનાં નિષ્ણાંત ડો. તેજસ ઠાકર સહિતનાં તબીબો સેવા આપશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ નામ નોંધવવા અને વધુ માહિતી માટે મો.૯૮૨૫૭ ૨૬૭૨૯, ૯૫૩૭૯ ૧૫૦૫૦, ૯૮૨૫૫૪૮૦૩૯ ઉપર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# સાળંગપુર : કષ્ટભંજનદેવને કેવડાનો શણગાર કરાયો



સાળંગપુર તા.૨૪

સાળંગપુર ધામ સુપ્રસિધ્ધશ્રી કષ્ટભંજનદેવ હનુમાનાજી મંદિરમાં આજે શ્રાવણ માસ મંગળવાર નિમિત્તે તા.૨૪-૮-૨૦૨૧નાં રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને કેવડાનો શણગાર કરી આરતી સવારે ૫ઃ૩૦ કલાકે શ્રી પૂજારી સ્વામી તથા શણગાર આરતી સવારે ૭ઃ૦૦ કલાકે પ.પૂ. શાસ્ત્રી સ્વામિ હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. આદિવ્ય દર્શનનો ઓનલાઈન લાભ અનેક ભક્તોએ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

# ચેક રીટર્ન કેસમાં ૬ માસની કેદની સજા

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં બાલમુકુંદ સોસાયટી મોહનનગર ગિરિરાજ સોસાયટી રોડ ઉપર રહેતા મનોજભાઈ શ્રીચંદભાઈ જેશાણીએ શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી. જૂનાગઢ શાખામાંથી તા.૧૭-૨-૨૦૧૬નાં રોજ એક લાખની ધંધા માટે લોન લીધેલી હતી અને આ લોન સામે તેણે આપેલ હપ્તા પેટેનો જૂનાગઢ જીલ્લા સહકારી બેંક લી.નો ચેક જે રિટર્ન થયો હતો. આ અંગે કોર્ટમાં કેસ ચાલી જતાં મંડળીનાં વકીલ આર.બી. ભટ્ટની અને કેશવ ક્રેડિટનાં સીનીયર ઓફિસર દિલીપસિંહ ગોહિલની દલીલોને માન્યરાખી જયુ. મેજીસ્ટ્રેટ આર.વી. લિંબાચિયાએ મનોજભાઈ શ્રીચંદભાઈ જેશાણીનો ૬ માસની સાદી કેદ અને વળતર પેટે રૂા.૧,૬૧,૦૦૦ ચૂકવવાનો હુકમ કર્યો હતો.

# કેશોદમાં ૧૮૧ અભયમ ઓફીસમાં યુવાનને મહિલાએ થપ્પડો મારી

જૂનાગઢ તા. ૨૪

કેશોદ પોલીસ સ્ટેશન ખાતે મહિલા ૧૮૧ અભયમ ઓફીસમાં બનેલા બનાવની પોલીસમાંથી મળતી વિગત મુજબ કેશોદમાં રહેતા કેયુરગીરી નરેન્દ્રગીરી ગોસાઈનાં પત્ની હેમાદ્રીબેન તેના પતિ કેયુરગીરી સાથે રહેવા માંગતા હોય પરંતુ હેમાદ્રીબેને તેના પતિ અને કુટુંબનાં સભ્યો વિરૂધ્ધ શારીરિક -માનસીક દુઃખ ત્રાસની ફરીયાદ કરેલ હોય જેથી કેયુરગીરીએ હેમાદ્રીબેનનો તેની સાથે રાખવાની ના પાડતા ત્યાં હાજર આરોપી નં.૨ શીતલબેન હર્ષભાઈ દવે (રહે. રાજકોટ) એ કેયુરગીરીને થપ્પડો ઝીંકી દીધી હતી અને બંનેએ ભુંડી ગાળો આપી હતી. આ બનાવમાં પોલીસે હેમાદ્રીબેન અને શીતલબેન વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પૂજ્ય મોરારીબાપૂ સાથે યોગી આદિત્યનાથની મુલાકાત



હિંદુઓના પ્રસિદ્ધ તીર્થ સ્થાન નૈમિષારણ્યમાં આજથી પ્રખ્યાત રામકથા વાચક પૂજ્ય શ્રી મોરારી બાપૂની ૮૬૪મી રામકથાનો પ્રારંભ થયો છે. આ પહેલાં શુક્રવારે મોરારી બાપૂએ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે ૫ કાલીદાસ ખાતે તેમના સરકારી આવાસ ઉપર આત્મિય મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીએ તેમનું હૃદયપૂર્વક સ્વાગત કરીને શાલ ઓઢાડીને બાપૂનું સ્વાગત કર્યું હતું તથા તેમને સ્મૃતિ ચિહ્ન ભેટ કર્યું હતું. આ મુલાકાતમાં યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે, બાપૂએ તેમનું સમગ્ર જીવન પ્રભુ રામને સમર્પિત કર્યું છે અને રાજ્ય તરફથી હું બાપૂને અભિનંદન પાઠવું છું. આ મુલાકાતમાં બાપૂને યોગી આદિત્યનાથજીએ ઉત્તર પ્રદેશના તમામ તીર્થ સ્થળના વિકાસના સંકલ્પથી અવગત કરાયા હતા. નૈમિષારણ્ય લખનઉથી ૮૦ કિમી દૂર સીતાપુર જિલ્લામાં ગોમતી નદીના કિનારે આવેલું પ્રસિદ્ધ હિંદુ તીર્થ છે. અહીં પૂજ્ય બાપૂની કથાનો પ્રારંભ થયો છે.

# જૂનાગઢનાં યોગેશભાઈ મહેતાને વનવિભાગમાં એકાઉન્ટન્ટ તરીકે બઢતી



જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ ગિર પશ્ચિમ વિભાગ ફોરેસ્ટમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા યોગેશભાઈ બાલાશંકર મહેતાને કલાર્કમાંથી એકાઉન્ટન્ટ તરીકે બઢતી મળેલ છે. તેઓને બઢતી મળતા વનવિભાગનાં કર્મચારીઓ, અધિકારીઓ તેમજ જ્ઞાતિનાં આગેવાનો દ્વારા યોગેશભાઈ મહેતાનો મો.નં. ૯૮૨૪૨ ૩૨૦૫૨ ઉપર અભિનંદન પાઠવી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર-કચ્છના બ્રહ્મ સમાજના હોદ્દેદારોની થશે ચૂંટણી

જામખંભાળિયા તા.૨૪

સૌરાષ્ટ્રના સમસ્ત બ્રહ્મ સમાજના ત્રણ જિલ્લાઓના નવા પ્રમુખ, મહામંત્રી તથા કારોબારી સદસ્યોની ચૂંટણી માટેની વિધિવત જાહેરાત ચૂંટણી અધિકારી ડો. અનિલ મહેતા દ્વારા કરવામાં આવી છે. જેમાં મોરબી જિલ્લાની ચૂંટણી આજરોજ તારીખ ૨૪મીના રોજ વાંકાનેરમાં ગાયત્રી મંદિર ખાતે, દેવભૂમિ દ્વારકા જિલ્લાની ચૂંટણી આવતીકાલે બુધવારે સવારે ૧૧ વાગે ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં આવેલી ઔદિચ્ય જ્ઞાતિની વાડી ખાતે સવારે ૧૧ વાગ્યે યોજવામાં આવી છે. જયારે જામનગરના હોદ્દેદારોની ચૂંટણી તા.૨૫ના રોજ સાંજે ૪ઃ૩૦ વાગ્યે ખોડીયાર કોલોની ખાતે આવેલા રાજય પુરોહિત વિદ્યાર્થી ભવન ખાતે થશે. વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ સુધીના સમયગાળા માટેની આ ચૂંટણી સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજના તમામ સદસ્યો, આજીવન સભ્યો, શુભેચ્છક સભ્યોએ પોતાના આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ સાથે જે તે ચૂંટણીના સ્થળે પધારવા એક યાદીમાં જણાવાયું છે.

# ભીડભંજન મહાદેવને ફુલોનો શણગાર કરાયો



જૂનાગઢ તા.૨૪

જૂનાગઢના જવાહર રોડ સ્થિત પ્રાચીન ભીડ ભંજન મહાદેવ મંદિરે શ્રાવણના ત્રીજ સોમવારે મહાદેવનો ફૂલોથી વિશેષ દર્શનીય શ્રૃંગાર કરાયો હતો. મહંત તનસુખગીરી બાપુએ મહાદેવની પૂજા-અર્ચના સાથે રૂઠેલા મેઘરાજાને મન મૂકી વરસી જવાની પ્રાર્થના કરી હતી.

# સમયસરની અને સચોટ નિદાનથી મોં તથા ગળાનાં કેન્સરને હરાવી શકાય છે : ડો.ખ્યાતી વસાવડા




(પંકજ ઝીબા દ્વારા)
રાજકોટ, તા.૨૪

રાજકોટની એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ તમામ પ્રકારની સારવાર અને સંપુર્ણ સુવિધા પુરી પાડતી સૌરાષ્ટ્ર-કચ્છની સુપ્રસિધ્ધ હોસ્પિટલ છે.જયાં હૃદયરોગ,પેટને લગતા રોગ,મગજને લગતા રોગ,સાંધાને લગતા રોગો તથા અન્ય રોગની સારવાર માટે નિષ્ણાંત તબીબો ઉપલબ્ધ હોય છે.

તાજેતરમાં વોકહાર્ટ હોસ્પિટલમાં મોં તથા ગળાના માટેના જ કેન્સરના સુપર સ્પેશ્યાલીસ્ટ ડો.ખ્યાતી વસાવડા જોડાયા છે. જેમણે ઘણા જટીલ ઓપરેશનોને સફળતાપુર્વક કરેલ છે.ગુજરાતમાં તમાકુંના વ્યસનને કારણે મોં તથા ગળાના કેન્સર વધુ જોવા મળે છે જેની સારવારમાં ડો.ખ્યાતી વસાવડા નિપુર્ણતા ધરાવે છે.ડો.ખ્યાતી વસાવડાએ ભારતની પ્રખ્યાત અમરીતા મેડીકલ ઈન્સ્ટીટયુટ,કેરલા ખાતે તાલીમ લીધેલ છે.

ડો.ખ્યાતી વસાવડાએ વોકહાર્ટ હોસ્પિટલમાં અસંખ્ય દર્દીઓની સફળતાપુર્વક અને જટીલ સારવાર કરેલ છે. હાલમાં જ એક ૪૨ વર્ષીય પુરૂષના કેન્સરની સારવાર સફળતાપુર્વક કરેલ છે જે ખુબ જ જટીલ ઓપરેશન કરીને કરવામાં આવેલ હતી.

સૌપ્રથમ તો કેન્સર નામ સાંભળતા જ કોઈપણ વ્યકિત ભયનો સામનો કરે છે અને લોકો કેન્સરનો અર્થ કેન્સલ માને છે.

દર્દીએ કેન્સરની સારવાર લેતા તેને ધાર્યુ પરિણામ ન મળતા તેઓએ વોકહાર્ટ હોસ્પિટલમાં ડો.ખ્યાતી વસાવડા પાસે સારવાર લેવાનુ શરૂ કર્યુ. આ દર્દીના ગલોફાના કેન્સરનુ ઓપરેશન કરેલ હતું અને શરીરમા કેન્સર વાળી જગ્યાએ છાતીમાંથી ત્વચા લઈ તેનુ પુનઃનિમાર્ણ કરેલ હતુ.આ દર્દી માટે રેડીએયશ પધ્ધતી ફાયદાકારક હતી તેથી અમે દર્દીને રેડીયેશનની સલાહ આપી હતી પરંતુ દર્દી અને તેના સગા વ્હાલાઓ એ રેડીયેશનનો ઈનકાર કર્યો હતો. ડો.ખ્યાતી વસાવડાના જણાવ્યા મુજબ આ દર્દી માટે રેડીયેશનની સારવાર અનિવાર્ય હતી પરંતુ તેઓએ લીધેલ ન હતી. એક વર્ષ પછી ફરી એ દર્દીએ મોં ના જે ભાગ ઉપર ઓપરેશન કરાવેલ હતું એજ જગ્યાએ ૪ સે.મી.ના ચાંદા સાથે હોસ્પિટલમાં દાખલ થયા.દર્દી તે ચાંદાથી છેલ્લા ઘણા મહિનાથી પીડીત હતા અને તે ચાંદામાં રૂઝ પણ નહોતી આવતી. દર્દી બીજી વાર સારવાર માટે આવ્યા ત્યારે તેને છાતીમાંથી સ્કીન લેવાની સલાહ આપવામાં આવી પરંતુ છાતીના જે ભાગમાંથી પ્રથમ વખત સ્કીન લીધેલ હતી તેની બીજી બાજુમાંથી સ્કીન લેવામાં આવી. આ ઉપરાંત જો સર્જરી અસરકારક ન નીવડે તો તેના માટે પણ અમોએ અન્ય આયોજન કરેલ હતા તથા દર્દીના ઓપરેશન માટે ઘણા વિચાર વિમશ કર્યા બાદ ડો.ખ્યાતી વસાવડાએ દર્દીની સફળતા પુર્વક સર્જરી કરી હતી.આ ઓપરેશનથી દર્દીને ધાર્યા કરતા સારૂ પરિણામ મળેલ છે.આ સફળ સર્જરી બાદ દર્દીને પણ રાહત છે અને તેમના સગા વ્હાલાઓએ પણ તબીબોની ટીમની સરાહના કરેલ હતી. કેન્સર શરીરના કોઈપણ ભાગમાં થઈ શકે છે જેમકે મોં–ગળાનું કેન્સર, સ્તનનું કેન્સર, ફેફસાનું કેન્સર,ગર્ભાશયનું કેન્સર, અન્નનળી તથા આંતરડાનું કેન્સર, થાયરોઈડ કેન્સર, હાડકાનું કેન્સર, બ્લડ કેન્સર, ચામડીનું કેન્સર એવા વિવિધ કેન્સર હોય છે. વિશ્વમાં ૨૦૧૨ના સર્વે મુજબ ૧૪૦ લાખ કેન્સરના કેસ નોંધાયા અને ૮૨ લાખના મૃત્યું નોંધાયા હતા. સર્વે મુજબ બે સદીમાં તે આંકડા ૭૦% વધવાની સંભાવના દર્શાવેલ હતી. વોકહાર્ટ હોસ્પિટલ ખાતે ડો.ખ્યાતી વસાવડાની એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : ૦૨૮૧ ૬૬૯૪૨૪૪

# મોબાઇલ ટુ સ્પોર્ટસ કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢ જીલ્લાકક્ષાના ખેલ મહાકુંભના પ્રથમ સ્થાને વિજેતાઓ રાજયકક્ષાએ રમશે

## પ્રથમ સ્થાને વિજેતા થયેલાની સીડી રાજયકક્ષાની સ્પર્ધા માટે મોકલાશે

જૂનાગઢ,તા.૨૪

મોબાઈલ ટુ સ્પોર્ટસ કાર્યક્રમ અંતર્ગત તાજેતરમાં ભજન, લોકગીત, લગ્નગીત, સુગમ સંગીત સહિતની ખેલ-મહાકુંભની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જિલ્લા રમતગમત કચેરી આયોજીત આ સ્પર્ધાઓ ૬ થી ૧૪, ૧૫ થી ૨૦, ૨૧ થી ૫૯ અને ૬૦ વર્ષાથી ઉપરની વયના કલાકાર ભાઈ બહેનો સહભાગી થયા હતા. પ્રથમ સ્થાને વિજેતા થયેલાની સીડી રાજયકક્ષાની સ્પર્ધા માટે મોકલાશે.જેમાં ૬ થી ૧૪ વર્ષમાં જૂનાગઢ ગ્રામ્યમાં લોકગીત ભજનમાં સીસોદીયા દ્રષ્ટી, લગ્નગીતમાં વાઢીયા બંસરી અને સુગમ સંગીતમાં સોલંકી દિવ્ય, ૧૫ થી ૨૦ વયમાં લોકગીત ભજનમાં સોલંકી ભકિત, લગ્નગીતમાં પીઠવા ધ્વનિ, વય ગ્રુપ ૨૧ થી ૫૯ માં લોકગીત ભજનમાં સીસોદીયા ભીખુભાઈ, સુગમ સંગીતમાં કિંજલ ઝાલા, લગ્નગીતમાં મણીબેન પરમાર જયારે ૬૦ વર્ષથી ઉપરની વયમાં લોકગીત-ભજનમાં બંધીયા લખમણભાઈ પ્રથમ સ્થાને વિજેતા થયા હતા.

જૂનાગઢ શહેરમાં ૫ થી ૧૪ વયમાં સુગમ સંગીતમાં કસ્થન દવે, લોકગીત-ભજનમાં ધૈર્ય ત્રિવેદી, લગ્નગીતમાં ચાવડા પ્રીયાંસી અને શાસ્ત્રીય કંઠ્ય સંગીતમાં વ્યાસ કલ્યાણી, વય ગ્રુપ ૧૫ થી ૨૦માં સુગમ સંગીતમાં ધ્વનીત ત્રિવેદી, લોકગીત-ભજનમાં પાર્થ હિંડોચા, શાસ્ત્રીય કંઠય સંગીતમાં વ્યાસ વરૂણ, અને લગ્નગીતમાં માવદીવા માનસી પ્રથમ સ્થાને વિજેતા થયા હતા.

જૂનાગઢ શહેરમાં વય ગ્રુપ ૨૧ થી ૫૯ માં સુગમ સંગીતમાં દર્પિત દવે, લોકગીત-ભજનમાં નરેશદાન ખલેલ, શાસ્ત્રીય કંઠ્ય સંગીતમાં ભારા શુકલ, અને લગ્નગીતમાં નાથળીયા ઉનેવાળ ગ્રુપ જયારે ૬૦ વર્ષથી ઉપરની વયમાં સુગમ સંગીતમાં રજનીકાંત દવે તેમજ લોકગીત-ભજનમાં ભીખાભાઈ જોગલ પ્રથમ સ્થાને વિજેતા થયા હોવાનું જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરીની યાદીમાં જણાવાયું છે.

## રક્ષાબંધન નિમીત્તે જૂનાગઢ એસ.ટી. ડિવિઝન દ્વારા ૧૮૧ એકસ્ટ્રા ટ્રીપનું સંચાલન કરાયું

જૂનાગઢ, તા. ૨૪

રક્ષાબંધન નિમીત્તે જૂનાગઢ એસ.ટી. ડિવિઝન દ્વારા ૧૮૧ એકસ્ટ્રા ટ્રીપનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ એકસ્ટ્રા ટ્રીપ સંચાલનથી એસ.ટી. ને વધારાની રૂા. ૫.૧૦ લાખની આવક થઈ હતી. જયારે રક્ષાબંધન તહેવાર નિમિત્તે જૂનાગઢ એસ.ટી. ડિવિઝનને કુલ રૂા. ૪૮ લાખની આવક થઈ હોવાનું વિભાગીય નિયામક શાહની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ શહેરમાં નાથીબુ મસ્જીદનાં તાજીયા નં.૫ની અદભૂત કલાત્મકતા : ભારે આકર્ષણ



જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ શહેર-જીલ્લામાં કલાત્મકત તાજીયા દ્વારા મોહર્રમ મનાવવાની સદીઓ જૂની પરંપરા રહી છે. શહેરનાં વિવિધ વિસ્તારની તાજીયા કમીટીનાં કાર્યકરો પ્રતિ વર્ષ મોહર્રમ માસમાં કલાત્મક તાજીયા બનાવે છે. ચાલું વર્ષે પણ નાથબુ સાહીબા મસ્જીદ, હુસેની ચોક વિસ્તારમાં કાર્યકરો દ્વારા ખૂબ જ ભવ્ય અને કલાત્મક તાજીયા બનાવવામાં આવ્યા હતા. જેમાં આધુનિક ટેકનોલોજી અને કલાનો અનેરો સંગમ જોવા મળ્યો હતો. પ્રસ્તૃત તસ્વીરમાં નાથીબુ મસ્જીદનાં તાજીયા દર્શાય છે. જેનો સાકીરભાઈ, અજીતભાઈ, રહીમભાઈ અનો રહેમાનભાઈ પઠાણ સહિતનાં કાર્યકરોની ટીમે બે મહિના કરતા વધુ સમય સુધી રાત-દિવસ મહેનત કરીને અત્યંત આકર્ષણ તાજીયા બનાવ્યા હતા. ઉપરોકત કાર્યકરોની ટીમ દ્વારા દાયકાઓથી કલાત્મક તાજીયા બનાવવાની પરંપરા રહી છે.


# સાળંગપુર : હનુમાનજી મંદિરમાં અમરનાથ ગુફા દર્શનનો શણગાર



સાળંગપુર, તા.૨૪


સાળંગપુરધામ સુપ્રસિધ્ધ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં શ્રાવણ માસના ત્રીજા સોમવાર નિમિત્તે તા.૨૩/૮/૨૦૨૧ના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાનો મહાદેવનો શણગાર તથા દિવ્ય અમરનાથ ગુફા દર્શનનો શણગાર કરી આરતી સવારે ૫:૪૫ કલાકે હૃદયપ્રકાશ સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આ દિવ્ય દર્શનનો ઓન લાઈન લાભ અનોક ભકતોએ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

# જૂનાગઢ : ખેતલીયા દાદાનાં મંદિરે વાર્ષિક પાટોત્સવ યોજાશે



જૂનાગઢ, તા.૨૪ : જૂનાગઢમાં સેજની ટાંકી પાસે હિંગળાજ ફળિયા ખાતે આવેલ ખેતલીયા દાદાના મંદિરે આગામી તા.૨૭ ઓગસ્ટને શુક્રવારે પાંચમના દિવસે ખેતલીયા દાદા મંદિરનો વાર્ષિક પાટોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૭ :૩૦ કલાકે યજ્ઞ પ્રારંભ થશે તેમજ બપોરે ૧૨: ૩૦ કલાકે બીડુ હોમવામાં આવશે. આ તકે ભાવિકોને દર્શન માટે ઉપસ્થિત રહેવા ખેતલીયા દાદા મંદિરના વ્યવસ્થાપક વિનુભાઈ કુરાણીની યાદીમાં જણાવાયું છે.

# શ્રાવણી સોમવારે ખંભાળિયા બન્યું શિવમય : રામેશ્વર મહાદેવને અન્નકૂટ તથા શણગારનાં અલભ્ય દર્શન



જામખંભાળિયા તા.૨૪

ફકત એક લોટી જળથી રીઝનારા દેવાધિદેવ મહાદેવના મહાપર્વ શ્રાવણ માસના સોમવારે આજે ખંભાળિયા સહિત સમગ્ર પંથકના શિવાલયોમાં શિવ ભકતો ઉમટી પડ્યા હતા. ભોળાનાથને પુષ્પ, દૂધ,જળ વિગેરેના અભિષેક કરી અનેપૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. ખંભાળિયાના વિશ્વવિખ્યાત શ્રી ખામનાથ મહાદેવ મંદિરે રૂદ્રી તથા ઘીની મહાપુજા સહિતના દર્શનનો લાભ અનેક ભકતોએ લીધો હતો. આ ઉપરાંત ખંભાળિયાના જાણીતા રામનાથ મહાદેવના મંદિરે દીપમાળા તથા આરતીમાં મોટી સંખ્યામાં શિવ ભક્તો જોડાયા હતા. ખંભાળિયાના જલારામ મંદિર પરિસરમાં આવેલા શ્રી રામેશ્વર મહાદેવ મંદિરમાં અહીંના જાણીતા સેવાભાવી યુવાન મિલન કોટેચા, નિપુણ રાડિયા અને મિલન ગોકાણી દ્વારા ભોળાનાથને સુંદર શણગાર સાથે અન્નકૂટના દર્શનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેનો લાભ લઈ શિવ ભકતો ભાવવિભોર થયા હતા.

# માંગરોળ : ગૌ રક્ષા સેના દ્વારા જનતા તાવડાનું આયોજન




(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૨૪

માંગરોળમાં દર વર્ષની જેમ જ આ વર્ષે પણ જીવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ગૌ રક્ષા સેના દ્વારા જનતા તાવડાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંઠિયા,ચવાણું, મોહનથાળનું વિતરણ રાહત ભાવે અંદાજે ૨૦૦૦ કીલો જેટલું વિતરણ કરવાનું તા.૨૫-૮-૨૦૨૧થી આયોજન મુરલીધર વાડી ખાતે કરવામાં આવ્યું છે.

# વિપક્ષોની એકતા માટે કોંગ્રેસે હવે પાછલી સીટ ઉપર બેસતા શિખવું પડશે

નવી દિલ્હી તા.૨૪

કોંગ્રેસના નેતા સોનિયા ગાંધીએ કપિલ સિબ્બલની વિપક્ષી બેઠકનો એકલા હાથે તેનો મુકાબલો કર્યો હતો. તેમણે રાહુલ ગાંધી કરતા વધુ સારી કામગિરી કરી હતી. કપિલ સીબલની બેઠકમાં હાજર રહેલ કેટલાક ટોચના નેતાઓએ સોનિયા ગાંધીની બેઠકમાં પણ હાજરી આપી હતી. મુખ્ય પ્રધાન એમ કે સ્ટાલીન, મમતા બેનરજી, હેમંત સૌરેન, ઉધ્ધવ ઠાકરેએ પણ આ બેઠકમાં હાજરી આપી હતી. એનસીપીના નેતા શરદ પવાર અને સીપીઆઈએમના મહામંત્રી સીતારામ યેચુરી પણ હાજર હતા. લાલુ યાદવ હાજર રહ્યા ન હતા પરંતુ રાજદ વતી તેમના પુત્ર તેજસ્વી યાદવ ઉપસ્થિત રહ્યા હતા. બાધાએ એકતાની વાત કરી હતી. મમતા બેનરજીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ સાથે નહીં સંકળાયેલ એવા તમામ રાજકીય પક્ષોએ આવી બેઠકમાં હાજરી આપવી જોઈએ. આ મિટીંગમાં ઉ.પ્ર.ની ગેરહાજરી ઉપરથી આ એકલાખો ડોલરનો સવાલ ઊભો થયો છે. સમાજવાદી પક્ષના નેતા અખીલેશ યાદવ અને તેમના યુપીના સાથી પક્ષ રાષ્ટ્રીય લોકદળના વડા જયંતા ચૌધરી પણ ગેરહાજર રહ્યા હતા. આ બંનેએ એવું સ્પષ્ટ કર્યુ છે કે તેઓ ઉ.પ્ર.માં વિધાનસભાની આગામી ચૂંટણી કોંગ્રેસ વગર લડશે. જો કે તેઓ સીબલ દ્વારા થોડા સમય પહેલા યોજાયેલ વિપક્ષોની જી- ૨૩ બેઠકમાં હાજર રહ્યા હતા. આમ મુદ્દો સમગ્ર પક્ષ કરતા કોંગ્રેસના પ્રથમ પરિવારનો છે. બસપાના નેતા માયાવતી હાજર રહ્યા ન હતા કારણ કે વિપક્ષો દ્વારા આવી મંત્રણા માટે તેમને આમંત્રણ અપ્યું ન હતું. આ બધું બતાવે છે કે ભારતમાં તમામ વિપક્ષો ભાજપ સામે એક થવાના મૂડમાં છે. શરદ પવારે પણ જણાવ્યું હતું કે જેઓ લોકતંત્ર અને સેકયુલરીઝમમાં માને છે અને જેઓ આપણા દેશના લોકતાંત્રિક સિદ્ધાંતોને બચાવવા માગે છે તેમણે સંગઠીત થવું જોઈએ. આ મારી અપીલ છે. આમ પ્રાદેશિક નેતાઓએ અગાઉની બેઠકોમાં જણાવ્યું હતું તેમ કોંગ્રેસે હવે જે રાજ્યોમાં પ્રાદેશિક પક્ષોનું નેતૃત્વ છે તે રાજ્યમાં પાછલી સીટ ઉપર બેસતાં શીખવું જોઈએ. જો નહેરૂ અને ગાંધી પરિવાર કોએલિશન કોડ તરીકે આ સિદ્ધાંતનો સ્વીકારવા સક્ષમ બનશે તો પ્રાદેશિક પક્ષોને કોંગ્રેસ સાથે વ્યાપક જોડાણ કરવામાં કોઇ સમસ્યા નહીં રહે. આમ કોંગ્રેસે વિપક્ષોની મંત્રણાઓની સફળતા સુનિશ્ચિત કરવા 'મી ફર્સ્ટ' અભિગમ છોડી દેવો જોઈએ.




# રક્ષાબંધન પર્વે દ્વારકાધીશ મંદિરમાં ફરજમાં રહેલા પોલીસ અધિકારી-કર્મચારીઓને પુજારી પરિવારની પુત્રીએ રાખડી બાંધી



જામખંભાળિયા તા.૨૪

હિન્દુઓના પવિત્ર પર્વ રક્ષાબંધનની ગઈકાલે ઠેરઠેર આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત દ્વારકા સ્થિત વિશ્વ વિખ્યાત જગત મંદિરની સુરક્ષા કાજે ખડેપગે રહેલા પોલીસ અધિકારીઓ, કર્મચારીઓને રવિવારે બળેવ પૂનમ નિમિત્તે સ્થાનિક મંદિરના પૂજારીની પુત્રી દ્વારા રાખડી બાંધી, શુભકામનાઓ પાઠવી હતી. રક્ષાબંધન નિમિત્તે દ્વારકા મંદિરના જાંબાઝ ડીવાયએસપી સમીર સારડા દ્વારા પૂર્વ સંધ્યાએ તેમના બહેન પાસે રાખડી બંધાવી અને પૂનમ તથા બળેવ નિમિત્તે દ્વારકામાં નોંધપાત્ર ટ્રાફિક હોવાથી કાયદો અને વ્યવસ્થા જાળવવા વહેલી સવારથી ફરજ ઉપર હાજર થઈ ગયા હતા. અહીં તેમણે પુજારી પરિવારના પુત્રીના હાથે રાખડી બંધાવી, મોં મીઠા કરાવી, ખુશી વ્યકત કરી હતી.

## રાજકોટ : મહાદેવ મંદિરમાં ૧૦૦૮ની કમળપૂજા



રાજકોટ, તા.૨૪ : રાજકોટમાં રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ, જીવનગર વિકાસ સમિતિ વોર્ડ નં.૧૦ જાગૃત નાગરીક મંડળ, મહાદેવધામ મહિલા સત્સંગ મંડળના સંયુકત ઉપક્રમે શનિવાર વહેલી પરોઢે શિવજીને ૧૦૦૮ની કમળ પૂજા, બિલીપત્ર સાથે અષ્ટાધ્યાય રૂદ્રી સામુહિક કરવામાં આવી હતી. શ્રદ્ધાળુઓ ભાવવિભોર બન્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# આખી દુનિયા જાણે છે કે હાલ સળગતા અફઘાનિસ્તાનમાં તાલિબાનને કોનો ટેકો છે !

આજની અફઘાનિસ્તાનની પરિસ્થિતિ બધાં જ જાણે છે, ત્યારે ચર્ચા એવી પણ છે કે, એર ઈન્ડિયાની ફ્લાઈટ કાબુલ એરપોર્ટ ઉપર ઉતરે છે, તેમાં ઈંધણ ભરાય છે, ૧૨૯ વ્યક્તિઓને લઈ દિલ્હી પરત આવે છે, જ્યાં તાલિબાની કબ્જો છે, આજુબાજુના કોઈ દેશની ફ્લાઈટ ત્યાં જવાની હિંમત નથી કરતા, તો આ ભારતની જ ફ્લાઈટ કાબુલ એરપોર્ટ ઉપર ઉતરે અને ભારતીયોને લઈને પરત આવે! જે પ્રકારે તાલિબાને અફઘાનિસ્તાન ઉપર કબ્જો જમાવ્યો છે તેની પૂરપાટ ઝડપથી આખી દુનિયા ચોંકી છે. આ સાથે જ સવાલ ઉઠી રહ્યો છે કે આખરે અફઘાનિસ્તાનની સેના મુઠ્ઠીભર તાલિબાનીઓ સામે આટલી લાચારીથી નતમસ્તક કેમ થઈ ગઈ. ૨૦૦૧માં અફઘાનિસ્તાનથી તાલિબાનીઓનું રાજ ખતમ કરનારા અમેરિકાએ લગભગ ૨૦ વર્ષ સુધી અફઘાનિસ્તાનમાં પોતાની મરજી ચલાવી. ત્યાંના સૈનિકોને તાલિમ આપવાની મોટા સ્તરે કવાયત પણ કરી. તાલિબાનીઓની સાથે આખી દુનિયાને ખબર હતી કે જ્યાં સુધી અફઘાનિસ્તાનમાં અમેરિકી સૈનિકો છે ત્યાં સુધી તાલિબાનનું રાજ આવવું મુશ્કેલ છે. પરંતુ આ બધા વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ જોબાઈડને અફઘાનિસ્તાનથી ૩૧ ઓગસ્ટ સુધીમાં પોતાના તમામ સૈનિકોને પાછા બોલાવવાની જાહેરાત કરી દીધી. ત્યારબાદ તો તાલિબાનીઓનો જુસ્સો બુલંદ થવા લાગ્યો. જો કે ટ્રમ્પ સરકારે આ અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૦માં દોહા ડીલ સમયે તાલિબાન સાથે સમજૂતિ કરી લીધી હતી. પરંતુ હવે સવાલ એ ઉઠે છે કે આખરે જે અફઘાનિસ્તાન સૈનિકોને અમેરિકાએ આટલી ટ્રેનિંગ આપી તેઓ આટલી જલદી કેમ હાર સ્વીકારી ગયા. અફઘાનિસ્તાનની સેનાની હારનું એક મોટું કારણ એ રહ્યું કે તેમની આખી મશીનરી જ બીજા ઉપર નિર્ભર રહી. એટલે સુધી કે અફઘાનિસ્તાનની વાયુસેના પણ સંપૂર્ણ રીતે બહારના કોન્ટ્રાક્ટ ઉપર આધારિત હતી. જે લડાઈ શરૂ થતા જ નીકળી ગઈ. જેના કરાણે તાલિબાન સામેની જંગમાં અફઘાન સૈનિકો એકલા પડી ગયા. જો કે અફઘાનિસ્તાન સંપૂર્ણ રીતે અમેરિકાની મદદ ઉપર નિર્ભર રહ્યું. પરંતુ બાઈડેને થોડા સમય પહેલા જ એવું નિવેદન આપ્યું કે આ લડાઈ અફઘાનિસ્તાને પોતે જ લડવી પડશે. અમારે ત્યાં રહેવાનું અને સમય પસાર કરવાનો કોઈ મતલબ નથી. સૈનિકોને બોલાવવા બદલ દુનિયાભરમાં રાષ્ટ્રપતિ બાઈડેનની આકરી ટીકા પણ થઈ રહી છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનની તાકત સતત વધતી જઈ રહી છે. આ દેશના બદલાતા સમીકરણ આખી દુનિયાની રાજનીતિ ઉપર ઊંડી અસર પડી છોડી રહ્યા છે. સવાલ ઉઠી રહ્યા છે કે કયા કયા દેશ તાલિબાની સરકારને માન્યતા આપશે ? હવે આ સવાલ વચ્ચે બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસને એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે જરૂરિયાત પડવા ઉપર તાલિબાન સાથે પણ કામ કરવામાં આવશે. અફઘાનિસ્તાનમાં કોઈ સ્થાયી સમાધાન નીકળે તે માટે દરેક સ્તર ઉપર અમારો પ્રયત્ન ચાલુ રહેશે. બોરિસ જોનસને જોર એ વાત ઉપર આપ્યું છે કે અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા રેસ્ક્યૂમાં ઘણા પ્રકારના પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. તેઓ માને છે કે તેમની ટીમ સતત કામ કરી રહી છે અને આ મુશ્કેલ સ્થિતિમાં પોતાની કુશળતાને સારી રીતે સાબિત કરી રહી છે. આમ પણ બ્રિટન સિવાય ભારત, અમેરિકા દ્વારા પણ મોટા સ્તર ઉપર રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. અમેરિકાના ફાઈટર જેટ સતત કાબુલ એરપોર્ટ ઉપર નજરે પડી રહ્યા છે. ત્યાંની આર્મી બતાવી રહી છે ૭૦૦૦થી વધારે લોકોનું સફળ રેસ્ક્યૂ ઓપરેશન કરવામાં આવી ચૂક્યું છે. ભારત પણ પોતાના રહેવાસીઓને સુરક્ષિત પરત લાવવાના તમામ પ્રયત્ન કરી રહ્યું છે. અફઘાની હિન્દુ અને શીખ સમુદાયને પણ શરણ આપવાને ઉપર સહમતી બની રહી છે. તાલિબાને અફઘાનિસ્તાન ઉપર સંપૂર્ણ કબજો કરી લીધો છે. અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ અશરફ ગની દેશ છોડી ચૂક્યા છે. હાલમાં અશરફ ગની તાજિકિસ્તાનના શરણમાં છે. અફઘાનિસ્તાનના લોકો કોઈપણ રીતે દેશની બહાર જવા માંગે છે. દરમ્યાન, મીડિયામાં એવા પણ અહેવાલ આવી રહ્યા છે કે કેટલાક દેશો તાલિબાનને પોતાનું સમર્થન આપી રહ્યા છે. બીજી બાજુ, કેટલાક દેશો હજુ પણ તાલિબાનને આતંકવાદી જૂથ માને છે. છેવટે, કયો દેશ તાલિબાન સાથે છે અને કોણ તાલિબાનનું સમર્થન કરતું નથી. પાકિસ્તાનની સરહદ અફઘાનિસ્તાન સાથે છે. અથવા એમ કહો કે પાકિસ્તાન અફઘાનિસ્તાનનો પડોશી દેશ છે. પાકિસ્તાન અફઘાનિસ્તાનની સ્થિતિ ઉપર સતત નજર રાખી રહ્યું છે. પાકિસ્તાન તાલિબાનને સીધું સમર્થન આપી રહ્યું નથી. પરંતુ આખી દુનિયા જાણે છે કે તે કેવી રીતે તાલિબાનને ટેકો આપી રહ્યો છે. જો મુસ્લિમ રાષ્ટ્રની વાત કરીએ તો કતાર વિશ્વનો સૌથી નાનો દેશ છે. કતાર તાલિબાનને સીધું સમર્થન કરી રહ્યું છે. તાલિબાનની લગભગ તમામ રાજકીય કચેરીઓ કતારમાં હાજર છે. જો કતાર તાલિબાનને ટેકો નહીં આપે તો તેનો આંતરરાષ્ટ્રીય પ્રભાવ ઘટી શકે છે. અફઘાનિસ્તાન મુદ્દે સાઉદી અરેબિયાએ હજુ સુધી કોઈ નિવેદન આપ્યું નથી. સાઉદી અરેબિયા તાલિબાનને સીધું સમર્થન આપવા માંગતું નથી. હવે સાઉદી અરેબિયા પાકિસ્તાન દ્વારા તાલિબાનને ટેકો આપી શકે છે. ૧૯૮૦ના દાયકામાં સાઉદી અરેબિયાએ અફઘાનિસ્તાનને ખુલ્લેઆમ ટેકો આપ્યો હતો. તુર્કી પણ એક ઈસ્લામિક દેશ છે. તુર્કી તેની ઉત્તેજના માટે પણ જાણીતું છે. તુર્કી હજુ પણ આ મામલે અફઘાનિસ્તાનને ખુલ્લેઆમ ટેકો આપવા માંગતું નથી. ભૂતકાળના રેકોર્ડ ઉપર નજર કરીએ તો તેનો તાલિબાનને ટેકો આપવાનો ઈરાદો નથી. ઈરાનમાં અન્યાય પ્રવર્તે છે. ઈરાન અફઘાનિસ્તાનમાં બદલાતી પરિસ્થિતિથી ખુશ નથી. કારણ કે ઈરાન અફઘાનિસ્તાન સાથે તેની સરહદ વહેંચે છે. ઈરાન હાલમાં તેની સરહદો મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. જો અફઘાનિસ્તાનની સ્થિતિ વધુ અસ્થિર બની જાય તો અફઘાન શરણાર્થીઓ ઈરાનમાં આશ્રય માટે જઈ શકે છે.

# લોકોની બેદરકારીથી દેશમાં સપ્ટેમ્બરમાં દરરોજના ૪ થી ૫ લાખ કોરોનાનાં કેસ આવી શકે છે : નીતિ આયોગ

નવી દિલ્હી તા.૨૪

કોરોનાની બીજી લહેરનો પ્રભાવ ઓછો થયા બાદ લોકો હવે બેફિકર ફરવા જઈ રહ્યા છે અને ટહેલવા જઈ રહ્યા છે. લોકો બિન્દાસ થઈને પર્યટન સ્થળો ઉપર ફરી રહ્યા છે. આ વચ્ચે હવે એવી આશંકા સેવાઈ રહી છે કે કોરોનાની ત્રીજી લહેર સપ્ટેમ્બર મહિનામાં આવી શકે છે. નીતિ આયોગના સભ્ય વી.કે. પોલે ગત મહિને સરકારને કોરોનાના સંક્રમણના પડકારોનો સામનો કરવા માટે કેટલાક સૂચનો કર્યા છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, હવે પછી જે લહેર આવશે તેમાં કોરોનાના ૧૦૦ કેસમાંથી ૨૩ કેસમાં દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાની તૈયારી અગાઉથી રાખવી પડશે. પ્રાપ્ત અહેવાલ અનુસાર, સરકારને જે ભલામણો કરાઈ છે તે એપ્રિલથી જૂન દરમ્યાન જ પેટર્ન જોવા મળી રહી છે. તેના ઉપર આધારિત છે. કોરોનાની બીજી લહેર સૌથી ઘાતક હતી ત્યારે દેશમાં ૧૮ લાખ સક્રિય કેસ હતા. તેમાંથી ૧૦ રાજયોમાં ૨૧ ટકા કેસ એવા હતા જેમાં દર્દીઓને હોસ્પિટલમાં દાખલ થવાની આવશ્યકતા રહી હતી. નીતિ આયોગીનું માનવું છે કે, ખરાબ પરિસ્થિતિ માટે આપણે તૈયાર રહેવાની જરૂર છે. આયોગે એક દિવસમાં જ ચારથી પાંચ લાખ કોરોના વાયરસનાં કેસ આવશે તેવું અનુયાયમ લગાવ્યું છે અને આગામી મહિના સપ્ટેમ્બરમાં જ બે લાખ આઈસીયુ બેડ તૈયાર રાખવા માટે સલાહ આપી છે. આટલું જ નહીં આ ૨ લાખ બેડમાં ૧.૨ લાખ બેડ વેન્ટિલેટર સાથે આઈસીયુ જ્યારે ૭ લાખ આઈસીયુ હોસ્પિટલ વગરનાં બેડ તૈયાર રાખવાની સલાહ આપી છે. ૭ લાખ આઈસીયુ બેડમાં પાંચ લાખ બેડમાં ઓક્સીજન રાખવા પણ નિર્દેશ કરવાની જરૂર જણાવવામાં આવી છે અને ૧૦ લાખ કોવિડ આઈસોલેશન કેર બેડ રાખવા કહેવામાં આવ્યું છે. ભારતમાં



છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૦,૯૪૮ નવા કેસો નોંધવામાં આવ્યા છે. આ સાથે જ દેશમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૩,૨૪,૨૪,૨૩૪ થઈ ગઈ છે. નેશનલ રિકવરી રેટ વધીને ૯૭.૫૭ ટકા થઈ ગયો છે. જે માર્ચ, ૨૦૨૦ પછીનો સૌથી વધુ છે તેમ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે. જો કે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે વધુ ૪૦૩ લોકોનાં મોત થતાં અત્યાર સુધી કોરોનાને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૪,૩૪, ૩૬૭ થઈ ગઈ છે. એક્ટિવ કેસોની સંખ્યા પણ ઘટીને ૩,૫૩,૩૯૮ થઈ ગઈ છે. જે છેલ્લા ૧૫૨ દિવસો પૈકી સૌથી ઓછા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૪૦૩ લોકોના મોત થયા છે. જે પૈકી ૮૩ મોત કેરળમાં અને ૧૪૫ મોત મહારાષ્ટ્રમાં થયા છે. અત્યાર સુધીમાં દેશમાં કોરોનાને કારણે કુલ ૪,૩૪,૩૬૭ લોકોનાં મોત થયા છે. જે પૈકી સૌથી વધુ ૧,૩૫,૮૧૭ મોત મહારાષ્ટ્રમાં થયા છે. આ સાથે જ દેશમાં અત્યાર સુધીમાં કોરોના સામેની વેક્સિનના કુલ ૫૮.૧૪ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. કોરોનાની રસી ઉપર ડેલ્ટા વેરિયન્ટ ભારે પડી રહ્યો છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં ચોંકાવનારા તારણો સામે આવ્યા છે. મુળ કોરોના વાયરસ ઉપર રસી વધારે પ્રભાવી છે. વાઈરસે પોતાનું રૂપ બદલતા રસીની અસર પણ ઓછી થઈ રહી છે. દુનિયાભરમાં કોરોના વાયરસના ડેલ્ટા વેરિટન્ટના વધતા કેસના કારણે અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અન ન્યૂઝીલેન્ડ જેવા દેશોની ચિંતા વધારી છે. તાજેતરમાં કરવામાં આવેલી એક સ્ટડીમાં સામે આવ્યું કે, હાલમાં આપવામાં આવી રહેલી કોરોનાની રસી ડેલ્ટા વેરિયન્ટ સામે એટલી પ્રભાવી નથી. જે મુળ કોરોના વાયરસ સામે હતી. દુનિયાને તબાહ કરનાર કોરોના વેરિયન્ટ સામે રસીની અસર ઓછી થવાના કારણે અમેરિકાએ પહેલાથી બૂસ્ટર ડોઝ આપવાની જાહેરાત કરી છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટી-યુકે દ્વારા કરવામાં આવેલા એક સર્વેમાં ૩૦ લાખથી વધુ લોકોના પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા. જેના આધારે કેટલાક મહત્વના તારણો સામે આવ્યા છે. તારણમાં સામે આવ્યુ કે, ફાઈઝર અને એસ્ટ્રાજેનેકાની રસી આલ્ફાની સરખામણીમાં ડેલ્ટા વેરિયન્ટ સામે ઓછી પ્રભાવી સાબિત થઈ છે. કોરોનાની રસીને પણ ડેલ્ટા વેરિયન્ટ મ્હાત આપી રહ્યો છે. કેમ કે, જેમણે રસીના બન્ને ડોઝ લીધા છે તેમને પણ કોરોનાનું સંક્રમણ લાગી રહ્યું છે. આવી સ્થિતિમાં રસીનો બૂસ્ટર ડોઝ લેવો પડે છે. અમેરિકામાં જેમણે રસીના બન્ને ડોઝ લીધા છે. તેમને બીજા ડોઝના આઠ મહિના બાદ બૂસ્ટર ડોઝ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તો વળી ઈઝરાયલે ફાઈઝરની રસીનો ત્રીજો ડોઝ આપવાની પણ શરૂઆત કરી છે. યુકે દ્વારા જેમની ઈમ્યુનિટી નબળી છે તેમને બૂસ્ટર ડોઝ આપવાની જાહેરાત કરી છે.

## ગુજરાતમાં દારૂબંધી કાયદા બાબતે હાઈકોર્ટનો ગજબનો નિર્ણય

# આરટીઆઈ આધારે દારૂબંધીને પડકારતી અરજીઓ હાઈકોર્ટ સમક્ષ પણ ટકી શકે છે !

### ઘરની ચાર દીવાલોમાં વ્યક્તિ શું ખાશે કે શું પીશે ? તેની ઉપર રોક લગાવવાનો સરકારને અધિકાર નથી : અરજદારની દલીલ

ગાંધીનગર તા.૨૪

ગુજરાતમાં દારૂબંધીને પડકારતી વિવિધ અરજીઓ મુદ્દે હાઈકોર્ટે મહત્વનો હુકમ કર્યો છે. આરટીઆઈ આધાર ઉપર દારૂબંધીને પડકારતી અરજીઓ હાઈકોર્ટ સમક્ષ ટકી શકે છે, તેવું હાઈકોર્ટે ઠેરવ્યું છે. અરજદારોએ જો અરજી કરવી હોય તો સુપ્રીમ કોર્ટમાં અરજી કરવી પડે, તે મતલબના એડવોકેટ જનરલે ઉઠાવેલા વાંધાને પણ હાઈકોર્ટે ફગાવી દીધો છે. દારૂબંધીને પડકારતી અરજીઓ માત્ર સુપ્રીમ કોર્ટમાં જ ટકી શકે તે મતલબની એડ્વોકેટ જનરલની રજૂઆતને હાઈકોર્ટે નકારી છે. અગાઉની સુનાવણીમાં દારૂબંધીના મુદ્દે હાઈકોર્ટ સમક્ષ અરજદારોએ રજૂઆત કરી હતી કે, ઘરની ચાર દીવાલોમાં વ્યક્તિ શું ખાશે કે શું પીશે ? તેની ઉપર રોક લગાવવાનો સરકારને અધિકાર નથી. અરજદારોએ રજૂઆત કરી હતી કે, બંધારણ સભાની ચર્ચામાં પણ દારૂબંધી મુદ્દે બંધારણ સભાના સભ્યોમાં મતમતાંતર હતા. બંધારણ સભાએ પણ પ્રોહીબીશન લાગુ કરવું કે નહીં ? એનો નિર્ણય રાજ્યો ઉપર છોડયો હતો. રાઈટ ટુ પ્રાઈવેસીના આધાર ઉપર ઉભા થયેલા નવા બંધારણીય અધિકાર હેઠળ દારૂબંધી એ લોકોના મૂળભૂત અધિકારોનું હનન કરે છે તેવી રજૂઆત સાથે હાઈકોર્ટમાં પિટિશન થઈ છે અને વ્યક્તિ પોતાના ઘરે શું ખાશે કે પીશે ? તેની ઉપર સરકારનો અંકુશ ન હોવો જોઈએ તેવી અરજદારોની રજૂઆત છે. આ મુદ્દે અંતિમ સુનાવણી ૧૨ ઓક્ટોબરના રોજ હાથ ધરાશે. અરજદાર દ્વારા રજૂઆત કરાઈ હતી કે, બહારના રાજ્યમાંથી દારૂ પીને ગુજરાતમાં આવવા ઉપર પણ સરકારે રોક લગાવી છે, જે યોગ્ય નથી. જે રાજ્યમાં દારૂ પીવાની છૂટ છે, ત્યાંથી દારૂ પીને ગુજરાતમાં આવનારા લોકો સામે પણ કાર્યવાહી કરાઈ છે, તે પણ વ્યાજબી નથી. દારૂ પીધેલી સ્થિતિમાં રાજ્યમાં પ્રવેશ ગુનો બનશે તેવો નિયમ પણ વ્યાજબી નથી. બીજા રાજ્યમાંથી દારૂ પીને ગાડીમાં પેસેન્જર સીટ ઉપર બેસીને આવતા લોકો સામે થતી કાર્યવાહી પણ યોગ્ય નથી. અરજદારોની રજૂઆત હતી કે, ડ્રાઈવરે દારૂ પીધો હોય તો સરકાર કાર્યવાહી કરે, પરંતુ પેસેન્જર સામે થતી કાર્યવાહી વ્યાજબી નથી. અગાઉ ચીફ જસ્ટિસના વડપણવાળી ખંડપીઠે પૂછ્યું હતું કે, દારૂ પીધા પછી વ્યક્તિને તેની અસર કેટલો સમય રહેતી હોય છે ? વ્યક્તિ કેટલો સમય નશામાં રહેશે એ સરકારે ક્યાંય જાહેર કર્યું છે ખરૂ ? દારૂબંધી લાગું કરવા પાછળનું કારણ શું ? તે કાયદાના વ્યાપમાં ક્યાંય લખેલું છે ખરૂ ? અરજદારોની રજૂઆત હતી કે, દારૂબંધીનો હેતુ કાયદામાં ક્યાંય જાહેર કરાયો છે ? જોકે તેના જવાબમાં એડવોકેટ જનરલે કહ્યું હતું કે, જાહેર આરોગ્યની ચિંતા કરીને દારૂબંધી લાગું કરવાનો હેતુ હતો અને ગાંધીના ગુજરાતમાં ગાંધીજીના મૂલ્યો અને આદર્શોને સ્થાપિત કરવા સરકાર કટિબદ્ધ છે.

# કર્ણાટક : છેલ્લા ૧૧ વર્ષથી એક પણ મુસ્લીમ વિનાનાં હરલાપુર ગામમાં હિંદુઓ મોહર્રમનું જુલૂસ કાઢી દુઆઓ અને મન્નાતો રાખે છે

બેંગ્લુરૂ તા.૨૪

કોમી સૌહાર્દના એક આકર્ષક ચિત્રણમાં કર્ણાટકમાં આવેલા હરલાપુર ગામમાં હિંદુઓ છેલ્લા ૧૧ વર્ષથી મોહર્રમ મનાવે છે. ગામની વસ્તી ૩૫૦૦ લોકોની છે જેમાં એકપણ વ્યક્તિ મુસ્લિમ નથી. હરલાપુરમાં એક પણ મુસ્લિમ પરિવાર ન હોવા છતાં અહીંના હિંદુઓ અત્યંત ઉમંગ અને જોશ સાથે મોહર્રમના રિવાજોમાં ભાગ લે છે. આ ગામમાં ફકીર સ્વામી નામની દરગાહ પણ આવેલી છે જેને ૧૧ વર્ષ પહેલાં હિંદુઓ દ્વારા જ ફંડ ઉઘરાવી બનાવાઈ હતી. હરલાપુર ગામમાં દરવર્ષે મોહર્રમ મનાવાય છે જેને ઈસ્લામના નવા વર્ષ તરીકે જોવામાં આવે છે. કોરોના મહામારીને કારણે આ વર્ષે ઓછી સંખ્યામાં લોકો ભેગા થયા હતા પરંતુ સરકારી પ્રોટોકોલ અનુસાર રિવાજો પૂરા કરાયા હતા. ગામ



લોકો દરગાહમાં તૈયારીઓ કરીને હઝરત અલી(રદી.)ના પંજા મુબારકના નિશાન બનાવે છે. જુલૂસ કાઢ્યા બાદ અહીં દુઆઓ અને મન્નતો પણ રાખવામાં આવે છે. અહેવાલો અનુસાર હિંદુ પુજારી દરગાહ બની ત્યારથી જ અહીંની તમામ ધાર્મિક વિધિ પોતે જ કરે છે. હરલાપુર ગામમાં મોહર્રમ એ માટે મનાવાય છે કારણ કે, દરગાહના પ્રાંગણમાં એક લીમડાનું ઝાડ મળી આવ્યું હતું. આ લીમડાનું ઝાડ સાપના ઝેરથી પીડાતા કોઈપણ વ્યક્તિ માટે જીવનરક્ષક માનવામાં આવે છે. અહેવાલો અનુસાર ગામલોકો લીમડાના આ ઝાડના પાનનો રસ કાઢીને સાપના દંશનો ભોગ બનેલી વ્યક્તિને પીવડાવતા હતા. ત્યારે બે કલાકમાં જ તેને સાપનું ઝેર ઉતરી જતું હતું. એટલે સુધી કે ગડક અને ધારવાડ જિલ્લાઓના લોકો પણ સાપના દંશથી સાજા થવા માટે જ દરગાહની મુલાકાત લે છે. પૂજારી ગૌડપ્પા અડિવેપ્પા વક્કુંડે કહ્યું કે, હરલાપુરના ગામલોકો અલ્લાહ ઉપર વિશ્વાસ રાખે છે અને સમાજના ભલા માટે કોરોના મહામારીને ભગાવવા મોહર્રમના મહિનામાં દુઆઓ માંગે છે. એક ગામજને કહ્યું કે, હરલાપુરના લોકો દશકોથી મોહર્રમ મનાવે છે. એવી માન્યતા છે કે, દરગાહની ઝિયારત કરનારા દરેકની ઈચ્છા પૂરી થાય છે. ઉલ્લેખનીય છે કે, કરબલામાં ઈ.સ. ૬૮૦માં પયગમ્બર મુહમ્મદ(સ.અ.વ.)ના દૌહિત્ર હઝરત ઈમામ હુસૈન(રદી.) અને તેમના ૭૨ જાંનિસારોએ યઝીદના જુલમી શાસનનો વિરોધ કરી શહાદત વહોરી હતી. મોહર્રમના ૧૦માં દિવસે તેમની શહાદતને હજુ પણ વિશ્વભરમાં યાદ કરવામાં આવે છે. આ દિવસને આશુરા તરીકે પણ ઓળખવામાં આવે છે. મોહર્રમના આ દિવસને એ માટે પણ ખાસ મનાવાય છે કારણ કે, અલ્લાહ પાકે આ દિવસે પયગમ્બર નૂહ(અલૈહિસ્સલામ)ની કશ્તી ઉગારી હતી અને મૂસા (અલૈહિસ્સલામ)ને ફિરૌનના લશ્કર સામે બચાવ્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

લેને કો સત નામ હૈ, દેને કો અન્નદાન,
તરને કો આધિનતા ડુબને કો અભિમાન

- સંત કબીર

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.ફરવરદીન-૧૩૯૧, મુ. મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ વદ-૨ મંગલા ગૌરીપૂજન, પંચક તા.૨૪ ઓગષ્ટ ૨૦૨૧, મંગળવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૧૫, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, સુકર્મા યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૩૧, સૂ.અ.૧૯:૧૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ ષ સ), બપોરે ૧:૩૯ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આરોગ્ય બાબતે સંભાળવું. મહેનત બાદ સફળતા મળે.
વૃષભ : સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. કાર્ય સિધ્ધિ મળે.
મિથુન : પરિવારમાં આનંદનું વાતાવરણ રહે. આર્થિક પ્રગતિ થાય.
કર્ક : સ્વજનોથી મિલન-મુલાકાત થાય. આનંદમય દિવસ વ્યતિત થાય.
સિંહ : કાર્યબોજમાં વધારો થાય. સંતાનો અંગે ચિંતા રહે.
કન્યા : મહત્વના કાર્યમાં વિઘ્ન આવે. લાભની આશા ઠગારી નીવડે.
તુલા : લાભની તક અટકે, દિવસભર વ્યર્થ ચિંતા રહે.
વૃશ્ચિક : મહત્વના પ્રશ્નો મુંઝવે, કાર્ય સફળ થાય.
ધન : વિરોધીઓથી સાવધ રહેવું. આર્થિક ચિંતાનો ઉકેલ થાય.
મકર : ધાર્યા કાર્યમાં વિઘ્ન આવે. નુકશાનનો પ્રસંગ બને.
કુંભ : અગત્યના કાર્યો પાર પડે. મનની મુરાદ બર આવે.
મીન : મનની મનોકામના પૂર્ણ થાય. આરોગ્ય બાબતે સંભાળવું.

# નર-નારાયણે કરેલી શિવ ઉપાસના



## શ્રાવણ સત્સંગ

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**દેવેન કનકચંદ્ર વ્યાસ**

પ્રાચીન કાળમાં ભગવાનના અંશાવતાર નર અને નારાયણે તપ કરવાની ભાવના સાથે બદરીકાવનમાં આશ્રમ બનાવ્યો. તેમણે ભગવાન શિવજીને પ્રાર્થના કરી કે, 'આ સ્થળે તમે પાર્થિવ લિંગ સ્વરૂપે બીરાજો.' ભગવાન શિવજીએ તેમની પ્રાર્થના સ્વીકારી અને નર-નારાયણ દ્વારા નિર્મિત શિવલીંગમાં પ્રવેશ કરી નિવાસ કર્યો. નર-નારાયણે પરમ શ્રધ્ધા સાથે શિવલીંગની ષોડશોપચારે પુજા કરી અને કઠીન તપસ્યા કરવા લાગ્યા. તેઓ નિરાહર તથા જીતેન્દ્રીય રહીને રાત-દિવસ ભગવાન શિવજીનું ચિંતન કરતા હતા. તેમના જીવનમાં માત્ર એક જ કાર્ય રહ્યું હતું. આ પ્રકારે તપ કરતા કરતા ઘણો જ સમય વ્યતિત થઈ ગયો. ત્યારે ભગવાન શ્રી શિવજી સાક્ષાત પ્રગટ થઈને બોલ્યા, 'હે નર-નારાયણ હું તમારી તપસ્યાથી અત્યંત પ્રસન્ન થયો છું. તમે જે ઈચ્છા ધરાવતા હો તે વરદાન માંગો.' શંકર ભગવાનના વચનો સાંભળી અને નર-નારાયણએ હાથ જોડી પ્રાર્થના કરી કે, 'હે દેવાધિદેવ, જો તમે અમારા ઉપર પ્રસન્ન થયા તો એવું વરદાન આપો કે આ તિર્થક્ષેત્રમાં તમે સદા નિવાસ કરો. જે આ ક્ષેત્રમાં આવી ભક્તો તમારી પુજા કરે તેનો તમે સ્વીકાર કરો. અને તેમને સંસાર બંધન માંથી મુક્ત કરો. ભગવાન સદાશિવે તેમની પ્રાર્થના સ્વીકારી લીધી અને જ્યોતિ સ્વરૂપ સ્વયં તે તીર્થમાં નિવાસ કરવા લાગ્યા. આ જયોર્તિલીંગ કેદારેશ્વર મહાદેવ એવા નામથી જગમાં વિખ્યાત થયા. આ સ્થાન પર આવીને અનેક દેવતાઓ તથા અસંખ્ય મુનિયોએ ભગવાન શિવજીની આરાધના કરી ઈચ્છીત ફળની પ્રાપ્તિ કરી. એક વખત પાંડવો આ પવિત્ર બદરિકારશ્રમમાં ગયા. ભગવાન શિવજીએ તેમને ત્યાં જોયા એટલે પાડાનું રૂપ લઈ અને ત્યાંથી ચાલવા માંડ્યું. પરંતુ પાંડવોએ ભગવાનના ચરણ પકડી ભક્તિપૂર્વક તેમની સ્તુતિ કરી. તેમની સ્તુતિ સાંભળી ભક્તવત્સલ ભગવાન પ્રસન્ન થયા અને પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. તેમણે પાંડવોને અનેક વરદાન આપી સંસારમાં અનેક પ્રકારના સુખ આપી જીવનના અંતે તેમને પરમપદ આપ્યું.

# ભારતમાં પશુઓની ગણતરી થઈ શકતી હોય તો લોકોની જાતિ આધારીત વસ્તી ગણતરી પણ થવી જ જોઈએ

મુંબઈ તા.૨૪

હાલમાં જ સંસદ દ્વારા ૧૧ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ બંધારણ (૧૨૭ મો સુધારો) બિલ, ૨૦૨૧ પસાર કરવામાં આવ્યો હતો. આ કાયદો રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમના રાજ્યોમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) લોકોની ગણતરી કરવા માટે પોતાની યાદી બનાવવાની સત્તા આપે છે. કેન્દ્ર સરકારે ઓબીસી અને ઉચ્ચ જાતિના વર્ગની ગણતરી કરવા અને તેમના વિકાસ માટે હસ્તક્ષેપ કરવાનું રાજ્ય સરકાર ઉપર છોડી દેતા, જાતિની વસ્તી ગણતરીમાંથી તેની જવાબદારીમાંથી મુક્ત થઈ ગયું છે. પ્રાચીનકાળથી ભારતીય સમાજ જાતિની શ્રેણીમાં વહેંચાયેલો છે અને લોકો પોતાની જાતને તેમની જાતિના આધારે જુએછે. સમાજને ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવ્યો છે, ઉચ્ચ જાતિ, પછાત જાતિ અને અનુસૂચિત જાતિ. રાષ્ટ્રીય વસ્તી ગણતરી દર દસ વર્ષે અનુસૂચિત જાતિની ગણતરી એસસી અને એસટી કેટેગરી તરીકે કરે છે પરંતુ ઉચ્ચ જાતિ અથવા અન્ય પછાત વર્ગ (ઓબીસી) જાતિ કેટેગરીની વસ્તીનો કોઈ રેકોર્ડ રાખવામાં આવતો નથી. લાંબા સમયથી રાષ્ટ્રીય જાતિ આધારિત વસ્તી ગણતરી માટે માંગ કરવામાં આવી રહી છે. ક્રમિક સરકારોએ એક અથવા બીજા કારણોસર જાતિ આધારિત વસ્તી ગણતરી કરવાનું ટાળ્યું છે. ૨૦૧૧ માં મનમોહન સિંહ સરકારે જાતિ આધારિત વસ્તી ગણતરી હાથ ધરી હતી પરંતુ ઉચ્ચ જાતિના જૂથોના સખત વિરોધને કારણે સરકારે ક્યારેય આ ડેટા પ્રકાશિત કર્યો ન હતો. પરિણામે, જાતિ આધારિત વસ્તી ગણતરીની માંગને અટકાવી રાખવામાં આવી છે. હવે ૧૨૭ મા સુધારા વિધેયક, ૨૦૨૧ પસાર થતાં, રાજ્ય સરકારો જાતિ આધારિત વસ્તી ગણતરી કરવા માટે અધિકૃત છે. જો કે, દર દસ વર્ષે થતી રાષ્ટ્રીય વસ્તી ગણતરીને ભારતમાં રહેતી વિવિધ જાતિઓનો રાષ્ટ્રીય ડેટા એકત્રિત કરવાની સત્તા હજુ સુધી આપવામાં આવી નથી. જાતિ આધારિત વસ્તી ગણતરીનો વિરોધ કેમ કરવામાં આવી રહ્યો છે? સામાન્ય દલીલ એવી છે કે, જાતિ આધારિત વસ્તી ગણતરીની તરફેણ કરવામાં આવતી નથી કારણ કે સ્વતંત્રતા ચળવળના નેતાઓ રાષ્ટ્રીય એકીકરણ ઈચ્છતા હતા અને જાતિના અવરોધો રાષ્ટ્રને નબળું કરી શકે છે.

આ નાયકો રાષ્ટ્રીય નેતાઓના ડહાપણનો આશ્રય લેતા કહે છે કે સ્વતંત્રતા સેનાનીઓ હંમેશા જાતિથી સ્વતંત્ર સમાજની રચનાની તરફેણ કરે છે. બીજી દલીલ એ છે કે જ્યારે અલગતાવાદી દળો રાષ્ટ્રને વિભાજીત કરવા માટે હાલમાં કાર્ય કરી રહ્યાં છે અને જો સમાજના મોટા ભાગને જાતિના આધારે વહેંચવામાં આવે તો તે દેશ ઉપર વધારાનો બોજ આવશે. જાતિ આધારિત વસ્તી ગણતરીનો વિરોધ કરનારા એવી દલીલ કરે છે કે જાતિ ભેદભાસે પહેલાથી જ સમાજને નબળો બનાવી દીધો છે અને જો જાતિની વસ્તી ગણતરી કરવામાં આવે તો તે સમાજને વધુ વિભાજિત કરશે. તે ચોક્કસપણે સમાજને નબળો પાડશે અને સમાજમાં ભેદભાવ વધારશે. ઉચ્ચ જાતિના હિન્દુઓ જાતિ આધારિત વસ્તી ગણતરીનો વિરોધ એટલે કરે છે કારણ કે તેઓ તેને હિન્દુ સમાજને વિભાજીત કરવાની ચાલ તરીકે જુએ છે. તેમનું માનવું છે કે જો જાતિની સંખ્યા જાહેર કરવામાં આવે તો હિન્દુ ધર્મ નબળો પડી શકે છે. કેટલાક લોકો એવા છે જે એવી ચિંતા કરે છે કે જાતિની વસ્તી ગણતરી સામાજિક તણાવ અને સામાજિક વિભાજન તરફ દોરી જશે. તેમને ડર છે કે જાતિની સંખ્યા જાહેર કરવામાં આવતા જ જાતિઓ વચ્ચેની દુશ્મનાવટ ઊભી થશે. ઘણા એવા લોકો પણ છે જેમને ડર છે કે રાજકારણીઓ પોતાના રાજકીય હેતુઓ માટે જાતિની વસ્તી ગણતરીનો ઉપયોગ કરશે. વોટ બેંકની રાજનીતિ માટે જાતિ આધારિત વસ્તી ગણતરીનો ઉપયોગ કરવામાં આવશે. રાજકીય પક્ષો જાતિના અવરોધોને પ્રોત્સાહન આપી શકે છે. રાજકારણીઓ જાતિની વસ્તીના આધારે ક્વોટા આધારિત અનામતની માંગ કરશે. આવા લોકો જાતિની વસ્તી ગણતરીને બ્રિટીશ સ્ટેટક્રાફ્ટના યુગ સાથે જોડે છે જ્યારે "ભાગલા પાડો અને રાજ કરો" નીતિનું પાલન કરવામાં આવતું હતું. તો કેટલાક લોકોને લાગે છે કે ભારતમાં જાતિઓની ગણતરી કરવી "ખૂબ મુશ્કેલી" ઊભી કરશે, અન્ય લોકો માને છે કે જાતિની ગણતરી કરવી સરળ કાર્ય નથી કારણ કે આવી વ્યાપક કવાયત હાથ ધરવામાં 'વ્યવહારૂ' અને 'ઓપરેશનલ' સમસ્યાઓ આવી શકે છે. એ ચોક્કસવાત છે કે જાતિની વસ્તી ગણતરી ઉચ્ચ જાતિના દંભને ઉજાગર કરશે. તે નક્કી કરશે કે ઉચ્ચ જાતિની કેટલી વસ્તી છે અને કેટલી નીચલી જાતિની વસ્તીં છે. તે દેશના સંસાધનો ઉપર ઉચ્ચ જાતિના નિયંત્રણને પણ છતું કરશે. જો જાતિ આધારિત વસ્તી ગણતરી જાહેર ક્ષેત્રમાં આવે તો તે વંચિત જાતિઓને દેશની શક્તિ અને સંસાધનોમાં તેમનો યોગ્ય હિસ્સો આપવા માટે દબાણ કરશે. જાતિ આધારિત વસ્તી ગણતરી ભારતમાં જાતિના જૂથોનો વિકાસ કે પતન દર્શાવે છે અને તેના દ્વારા અનેક યોજનાઓ તેમના કલ્યાણ માટે તૈયાર થઈ શકે છે. જાતિ આધારિત વસ્તી ગણતરી વિવિધ સામાજિક જૂથો માટે બનાવાયેલી કલ્યાણ યોજનાઓના વધુ સારી રીતે અમલમાં મદદ કરશે. આજની તારીખે, ભારતમાં ઉચ્ચ જાતિ અને અન્ય પછાત જાતિ વર્ગની વસ્તી વિષે કોઈ સ્પષ્ટતા નથી. મંડળ પંચે OBCનો આંકડો ૫૨ ટકા હોવાનો અંદાજ લગાવ્યો હતો. શાળા નોંધણીના આંકડા સૂચવે છે કે તે ૪૫ ટકા છે. ૨૦૦૭ ના નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ(NSSO)ના સર્વેમાં આ સંખ્યા ૪૧ ટકા છે. વિવિધ સર્વેક્ષણોમાં આ તફાવતોને લીધે માત્ર અનુમાન લગાવવાની શક્યતા વધારે છે અને ભારતમાં જાતિની ગણતરીનું મૂંઝવણભર્યું ચિત્ર રજૂ કરે છે.

૨૦૧૧ ની વસ્તી ગણતરી કદાચ સારી રીતે કરવામાં આવી હતી પરંતુ તે પ્રકાશિત કરવામાં આવી ન હતી કારણ કે અન્ય OBCની વસ્તી વર્તમાન ૫૦ ટકા અનુમાન કરતા ઘણી વધારે હોવાનું માનવામાં આવે છે. એવી પણ સંભાવનાઓ છે કે જ્યારે ઓબીસી કેટેગરીમાં સમાવિષ્ટ કરવાની માંગ કરી રહેલા અન્ય કેટલાક સમુદાયો ઉમેરાશે ત્યારે આ વધુ વધી શકે છે. જો જાતિ આધારિત વસ્તી ગણતરી થાય તો શક્ય છે કે અન્ય કેટલાક સમુદાયો પણ OBC કેટેગરીમાં સમાવેશ કરવા માટે આગ્રહ કરી શકે અને પરિણામે OBCના કદમાં વધુ વધારો કરી શકે છે. અહીં એક ઉલ્લેખ કરવો યોગ્ય રહેશે કે મારવાડ સામ્રાજ્યના મહારાજા જસવંત સિંહ રાઠોડ એ ૧૬૫૮ માં અને પછી ૧૬૬૪માં જાતિ આધારિત વસ્તી ગણતરી કરનાર ભારતના પ્રથમ શાસક હતા. બ્રિટિશરો જે ભારતીય સામાજિક વ્યવસ્થાને સારી રીતે સમજતા હતા તેમણે પણ જાતિ આધારિત વસ્તી ગણતરી કરી હતી અને છેલ્લે તેઓએ આ ૧૯૩૧ માં કરી હતી. ઓબીસી જાતિ જૂથોના વધતા દબાણના કારણે મનમોહન સિંહ સરકારે ૨૦૧૧માં જાતિ આધારિત વસ્તીગણતરી કરાવી હતી. જો કે, ઉચ્ચ જાતિના દબાણના કારણે તેમણે તેના પરિણામો જાહેર કર્યા ન હતા પરિણામે, ૧૯૩૧ ની વસ્તી ગણતરી એ ભારતમાં જાતિના ડેટા માટે એક સંદર્ભ બિંદુ બની રહી છે. હવે જ્યારે રાજ્યો દ્વારા જાતિની વસ્તી ગણતરી કરવામાં આવી રહી છે ત્યારે તેને આતુરતાથી જોવાની જરૂર છે. આનું કારણ એ છે કે જ્યારે ભારતમાં પશુઓની પણ ગણતરી કરવામાં આવે છે ત્યારે પછાત જાતિની કેમ નહીં. જો રાષ્ટ્રીય સ્તરે જાતિ વર્ગોની ગણતરી કરવામાં આવે તો ભારત ચોક્કસપણે પરિવર્તન જોઈ શકે છે. રાજ્યો દ્વારા જ જાતિ આધારિત ગણતરી માટે કરવામાં આવેલા પ્રયાસો ચોક્કસપણે વખાણવા લાયક છે.

## માણાવદર-બાંટવા સુવર્ણકાર એસો. દ્વારા યુનિક આઈડીની જોગવાઈ દુર કરવા માંગ



માણાવદર તા. ૨૪

માણાવદર-બાંટવા સુવર્ણકાર એસોસીએશને કેન્દ્ર સરકાર દ્વારા સોનાના દાગીનાના હોલમાર્ક સામે યુનિક આઈડી જેવા જટીલ કાયદાઓની જોગવાઈ લાગુ કરી હોય આ અંગે મામલતદારને આવેદનપત્ર પાઠવી જણાવેલ છે કે, સુવર્ણકારોએ હોલમાર્કની જોગવાઈ સ્વીકારેલ છે પરંતુ યુનિક અને અન્ય કાયદાઓ સમસ્યારૂપ હોય જેના લીધે જવેલરી ઉદ્યોગ રૂંધાય તેમ છે જેથી તે જોગવાઈ રદ કરવામાં આવે તેવી માંગણી કરી છે.


# સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટર ટેકસએ સમગ્ર દેશમાં ૨૦૦થી વધુ IRS અધિકારીઓની બદલી કરતા ચણભણાટ

નવી દિલ્હી તા.૨૪

આવકવેરા વિભાગની સર્વોચ્ચ નીતિ-નિર્માણ અને વહીવટી સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સએ સમગ્ર દેશમાં ૨૨૨ IRS અધિકારીઓને અસર કરતા મુખ્ય આવકવેરા કમિશ્નર માટે પોસ્ટિંગ અને ટ્રાન્સફર ઓર્ડર જારી કર્યા છે. આ ઓર્ડરનું અવલોકન કરતાં નેશનલ હેરાલ્ડ દ્વારા જોવામાં આવ્યું હતું જે દર્શાવે છે કે મોટાભાગની જગ્યાઓ ઉપર જેમને વધારાનો ચાર્જ આવકવેરાના મુખ્ય કમિશ્નર(સીસીઆઈટી) અને ડિરેક્ટર જનરલ ઓફ ઈનકમ ટેક્સ (ડીજીઆઈટી) તરીકે ફરજ બજાવતા અધિકારીઓ પાસે હતો તે PCIT કરતા એક રેન્ક વધારે, હવે તે જ રેન્કના અધિકારીઓ, એટલે કે PCITને આપવામાં આવ્યો છે. જ્યારે CBDT એ ગયા મહિને CCIT/DGIT રેન્કના ૩૫ જેટલા અધિકારીઓને PCIT/DIT લેવલ પોસ્ટ્સનો વધારાનો ચાર્જ સંભાળવાનો આદેશ આપ્યો હતો ત્યારે નેશનલ હેરાલ્ડે અગાઉ અહેવાલ આપ્યો હતો કે તેના લીધે કેવી અવ્યવસ્થાની પરિસ્થિતિ સર્જાઈ હતી. વરિષ્ઠ નિવૃત્ત IRS અધિકારીઓ દ્વારા આ પગલાને "અભૂતપૂર્વ", "વિચિત્ર" અને "સંપૂર્ણપણે ગેરકાયદેસર" તરીકે પણ ઓળખવામાં આવ્યો હતો. જો કે, તાજેતરના ઓર્ડર (૨૦૨૧નો ક્રમાંક ૨૦૬) એ સમાન રેન્કના હોવા છતાં અન્ય મહત્ત્વની પોસ્ટ્સ ધરાવતા અધિકારીઓને ૭૯ જેટલી PCIT પોસ્ટ્સનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે. આમાંના મોટાભાગના અધિકારીઓ એક જ સ્ટેશનો ઉપર તૈનાત હોવા છતાં, કેટલાક કિસ્સાઓમાં, તેઓને આપવામાં આવેલ વધારાનો ચાર્જ અન્ય શહેરોમાં આવેલ પોસ્ટ્સનો હોય છે. ઉદાહરણ તરીકે, કોલકાતામાં તૈનાત કેટલાક PCITsને સિલીગુડી, બર્દવાન અને આસનસોલ જેવા શહેરોમાં વધારાનો ચાર્જ સંભાળવા માટે કહેવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશ(પૂર્વ) ક્ષેત્રમાં લખનૌ, અલ્હાબાદ અને મેરઠમાં તૈનાત અધિકારીઓને અનુક્રમે ફૈઝાબાદ, ગોરખપુર અને મુઝફ્ફરનગરમાં વધારાનો હવાલો સંભાળવા માટે કહેવામાં આવ્યું છે. આ વિભાગની તપાસ વિંગના કિસ્સામાં, રાયપુર ખાતે આવકવેરાના મુખ્ય નિયામક(PDIT) તરીકે તૈનાત અધિકારીને PDIT (Inv), ભોપાલનો વધારાનો હવાલો આપવામાં આવ્યો છે. IRS નિવૃત્ત અધિકારીઓના સંગઠનના જનરલ સેક્રેટરી એસ.આર.વાધવા, જેઓ મધ્યપ્રદેશના આવકવેરાના મુખ્ય કમિશ્નર તરીકે નિવૃત્ત થયેલા હતા અને તેઓ ૧૯૫૯ બેચના IRS અધિકારી હતા તેઓએ જણાવ્યું હતું કે, વરિષ્ઠ અધિકારીઓને નીચલા પદનો વધારાનો હવાલો આપવાની વિચિત્ર પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. નવો ઓર્ડર હજુ પણ પોસ્ટિંગ પોલિસી સાથેના મુદ્દાઓને પ્રતિબિંબિત કરે છે જેમાં ૭૯ અધિકારીઓએ વધારાનો ચાર્જ સંભાળવાનું કહેવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે "આ વધારાનો ચાર્જ આપવો એ યોગ્ય વસ્તુ નથી. જો કોઈ અધિકારી ગંભીર રીતે બીમાર પડે અથવા આવી કોઈ આકસ્મિક સ્થિતિ ઉભી થાય તો ગંભીર પરિસ્થિતિ ઉભી થાય છે. ૭૯ અધિકારીઓને વધારાના ચાર્જ રાખવા માટે કહેવાતો એક અધિકૃત આદેશ 'આગામી આદેશ સુધી' કરવામાં આવ્યો નથી. તે પ્રતિબિંબિત કરે છે કે વિભાગમાં યોગ્ય સમયે પ્રમોશન અને બદલીઓ કરવામાં આવતી નથી. અન્ય એક નિવૃત્ત આઈઆરએસ અધિકારીએ નામ ન આપવાની વિનંતી કરતા કહ્યું હતું કે આ આદેશે સમગ્ર કેડરને હચમચાવી દીધું છે, અને ઉમેર્યું હતું કે રોગચાળાની વચ્ચે અધિકારીઓને શિફ્ટ કરવા, તેમના બાળકો માટે નવી શાળાઓ વગેરે શોધવાનું કહેવું અયોગ્ય છે.

ઉપરાંત ૨૨૨ અધિકારીઓની સામૂહિક પોસ્ટિંગ/ટ્રાન્સફરનો અર્થ એ થાય છે કે ભથ્થા, હવાઈ ભાડું વગેરેના રૂપમાં સરકારી ખજાના ઉપર એક અન્ય મોટો ખર્ચ આવશે" સીસીઆઈટી તરીકે નિવૃત્ત થયેલા એક અધિકારીએ કહ્યું કે, "વિભાગે એક જ સમયે આટલી મોટી યાદી દ્વારા બદલીના આદેશ આપવાને બદલે વાજબી સમયગાળામાં પોસ્ટિંગ ઓર્ડર જારી કરવા જોઈએ. આ વ્યવસ્થાપનના અભાવ સિવાય બીજું કંઈ નથી. અધિકારીઓ તેમના સ્થાનાંતરણ ઓર્ડરમાં ફેરફાર કરવા માટે એક જ સ્ટેશન ઉપર રહેવા માટે લોબિંગ કરે તેવી સંભાવના પણ છે, ખાસ કરીને મહાનગરોમાં તૈનાત હોય એવા પ્રભાવશાળી અધિકારીઓ કેટલીક વખત એક જ સ્ટેશન ઉપર દાયકાઓ સુધી રહે છે અને સંચાલન કરે છે અથવા બીજા મહાનગરમાં તેમની પોસ્ટ થાય છે. આ વિભાગમાં હંમેશા માટે આ એક ગંભીર સમસ્યા રહી છે.

## માણાવદરના સિનેમા ચોકમાં ટ્રાફીક નડતર દુર કરવા માંગ



માણાવદર તા. ૨૪

માણાવદરમાં ભાજપ શાસિત પાલિકામાં ટ્રાફીક નડતરની છાશવારે ફરીયાદો ઉઠી રહી છે. સિનેમા ચોકમાં છેલ્લા ઘણા સમયથી પાણીની પાઈપલાઈન રીપેરીંગ કરવાના બહાને ખોદકામ કરેલ છે પરંતુ ત્યારબાદ આ ખાડા ઉપર ધુળનો ઢગલો જેમનો તેમ રાખીને ખુદ પાલિકા તંત્ર, વાહન ચાલકો, વિદ્યાર્થીઓ, એસટી બસોથી હાઈવે ધમધમતો હોય આ ઢગલો ટ્રાફીકને નડતરરૂપ થતો હોય કોઈ જીવલેણ અકસ્માત થાય તે પહેલા તાકીદે પાલિકા તંત્ર દ્વારા આ રસ્તા ઉપરનો ધુળનો ઢગલો દુર કરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

## માણાવદર પોલીસે દાગીના ધોવાના બહાને સોનું ઓળવતી ગેંગને ઝડપી લીધી



માણાવદર તા. ૨૪

માણાવદર શહેરના મિતડી રોડ ઉપરકથી પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન ત્રણ શખ્સોની શંકાસ્પદ હિલચાલ જણાતા તેઓની પુછપરછ કરતા લોકો પાસેથી સોનુ ધોવાના બહાને સોનું ઓળવી લેતા હતા. આ ત્રણ શખ્સો રવિદાસ રણજીતભાઈ, રે.નર્મદા રાજપીપળા, હાલ રાજકોટ, મુળ બિહારના, બાલમીકી વિદેશ્વરી ઠાકુર રહે.હાલ જૂનાગઢ, મુળ નાપુરા, બિહાર, પિન્ટુકુમાર નંદલાલ પોદાર હાલ જૂનાગઢ, મુળ બિહાર વગેરે સોનાના દાગીના ધોવાનું કહી ઓળવી જતા હોય તથા ગુન્હો કરે તે પહેલા પકડાઈ જતા કોઈ સાથે છેતરપીંડી થતા રહી ગઈ હતી. પોલીસે ત્રણેય વિરૂધ્ધ ગુન્હો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# અમેરીકાએ ઉડી ન શકે તેવા વિમાન, જર્જરીત ઈમારતો સહિત ૧૦ પ્રોજેક્ટ પાછળ અફઘાનિસ્તાનમાં અબજો ડોલર ખર્ચી નાંખ્યા છે

તાલિબાન સામે અફઘાનિસ્તાનની સરકારનું ઝડપી પતનને કારણે હવે એક મોટી માનવીય હોનારતનો ડર ફેલાઈ રહ્યો છે. આ ઘટનાના પગલે અમેરિકાના પ્રમુખ જો બાઈડેન માટે પણ રાજકીય સંકટ ઊભું થયુંછે. અને કાબુલ એરપોર્ટ ઉપર ખોફનાક દ્રશ્યો જોવા મળ્યાં છે. ત્યારે પ્રશ્ન એ ઊભો થાય છે કે દાયકાઓથી યુદ્ધગ્રસ્ત દેશમાં શાંતિ અને સ્થિરતા લાવવા માટે અમેરિકાએ ખર્ચેલા ૧ ટ્રિલિયન ડોલર કરતાં વધુ રકમનું પરિણામ શું આવ્યું. મોટા ભાગના નાણા અમેરિકાના સૈન્યને ગયા અને આ રીતે અબજો ડોલરોનો દુર્વ્યય થયો. કોંગ્રેસ દ્વારા ગઠીત સ્પેશિયલ વોચડોગ છેલ્લા ત્રણ વર્ષથી અફઘાનિસ્તાનમાં અમેરિકાના પ્રયાસોની સફળતા અને નિષ્ફળતાનું વિશ્લેષણ કરે છે.

જો કે યુદ્ધ હંમેશા ખર્ચાળ હોય છે અને નિરર્થક ખર્ચ થતો હોય છે પરંતુ અમેરિકાના નાણા ભંડોળનો દુર્વ્યય ઉડીને આંખે વળગે એવો છે કારણ કે અમેરિકાએ ૨૦ વર્ષ સુધી અફઘાનિસ્તાનમાં પોતાની સેના દ્વારા ઓપરેશન ચલાવ્યું હતું. અમેરિકાના એવા ૧૦ પ્રોજેક્ટ છે જે નિરર્થક પુરવાર થયાં છે અને તેના ઉપર યુએસ વોચડોગ-સ્પેશિયલ ઈન્સ્પેક્ટર જનરલ ફોર અફઘાનિસ્તાન રીકન્સ્ટ્રક્શન (સીગાર) દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

**૫૪૯ મિલિયન ડોલરના વિમાનો સ્ક્રેપ તરીકે વેચવામાં આવ્યા :** અફઘાન એરફોર્સ ઊભું કરવાના પ્રયાસમાં ૨૦ ઈટાલિયન મેડ જી-૨૨૨ ટ્વીન-ટર્બો ક્રોપ વિમાન પાછળ ૫૪૯ મિલિયન ડોલર ખર્ચવામાં આવ્યાં હતાં પરંતુ આ ૧૬ પ્લેન કાબુલના આંતરરાષ્ટ્રીય એરપોર્ટના જાફીઝાંખરામાં મેન્ટેનન્સના ઈસ્યૂને કારણે જર્જરીત હાલતમાં પડ્યાં હતાં અને તે ઉડ્ડયન કરી શકે તેમ ન હતાં. આ વિમાનો આખરે માત્ર ૩૨૦૦૦ ડોલરમાં ભંગાર તરીકે વેચવામાં આવ્યાં હતાં.

**રસ્તાના રસ્તાઓ ગાયબ :** યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ દ્વારા ગાર્બેજ સીટી અને ફોસ્ત પ્રાંત વચ્ચે ૧૭૬ મિલિયન ડોલરના ખર્ચે ૧૦૧ કિ.મી. (૧૬૩ માઈલ) રોડ બાંધવામાં આવ્યો હતો. આ રોડનું નિર્માણ કાર્ય પૂરૂ થયાના એક મહિના કરતા ઓછા સમયમાં સીગારના ઈન્સ્પેક્ટરોને જાણવા મળ્યું હતું કે રોડના પાચં ભાગ સંપૂર્ણપણે નાશ પામ્યા હતા અને અન્ય બે ભાગ ધોવાઈ ગયા હતા એવી નોંધ ઓક્ટો.૨૦૧૬ના ઓડિટમાં જોવા મળે છે.

**યુનિફોર્મની ખરીદી :** અમેરિકાએ અફઘાન સેના માટે યુનિફોર્મ ખરીદવામાં ૨૮ મિલિયન ડોલર ખર્ચ્યાં હતાં અને તેની પેટર્ન એવી પસંદ કરવામાં આવી હતી જે પર્યાવરણને મેચ થતી ન હતી. વુડલેન્ડ પેટર્નના આ યુનિફોર્મ હતાં જૂન, ૨૦૧૭ના એક મૂલ્યાંકન અનુસાર અફઘાનિસ્તાનના સંરક્ષણ પ્રધાનને વુડલેન્ડ, અર્બન અને ટેમ્પરેટ પેટર્નના યુનિફોર્મ ગમતા હતા.

**ઇમારતોનું ખવાણ :** અમેરિકાએ લોગાર પ્રાંતમાં અફઘાન સ્પેશિયલ પોલીસ ટ્રેનિંગ સેન્ટર માટે ટ્રેનિંગ રેંજનું નિર્માણ કરવા મે, ૨૦૧૨માં એક અફઘાન કોન્ટ્રાક્ટરને પાંચ લાખ ડોલર ચૂકવ્યાં હતાં. તેની ડિઝાઈન અફઘાનના ગામડા જેવી હતી, પરંતુ ઈન્સ્પેટકટરોને જાણવા મળ્યું કે અમેરિકાએ આ ઈમારતનો કબજો સંભાળ્યાના ચાર મહિનામાં દીવાલોમાં પાણી ઘુસવા લાગ્યું હતું. બાંધકામમાં વપરાયેલ ઈંટોમાં રેતી વધુ હતી અને માટી ઓછી હતી તેને કારણે ઈમારતનું ખવાણ થવા લાગ્યું હતું. ૨૦૧૫ના ઓડિટમાં આ સ્ટ્રક્ચરને મેલ્ટીંગ બિલ્ડીંગ એટલે કે ઓગળતી ઈમારત તરીકે રીફર કરવામાં આવી હતી.

**ડ્રગ સામે યુદ્ધ :** અફઘાનિસ્તાન વિશ્વનું સૌથી મોટું અફીણ અને તેના ડોડવાનું ઉત્પાદક રાષ્ટ્ર છે. ૧૫ વર્ષ સુધી અમેરિકાએ અફઘાનમાં કેફી દ્રવ્યો વિરોધી ઝુંબેશ પાછળ ૮.૬ અબજ ડોલરનું આંધણ કર્યુ હતું. તેમ છતાં હજુ ૨૦૧૭ સુધી અફીણનું ઉત્પાદન રેકોર્ડ હાઈ ઉપર જોવા મળ્યું હતું એવુ સીગારે લખ્યું છે.

**વીજ ટ્રાન્સમિશન નિષ્ફળતા :** ઈન્સ્પેક્ટરોના ધ્યાન ઉપર આવ્યું છે કે યુએસ આર્મી કોર્પ્સ ઓફ એન્જિનિયરે ૧૦ લાખથી વધુ અફઘાનોને વીજળી પૂરી પાડવા માટે વીજ મથક ઊભું કરવા અફઘાન કંપની સાથે કરવામાં આવેલ ૧૧૬ મિલિયન ડોલરના કોન્ટ્રેક્ટમાં મોટા પાયે ગરબડ ગોટાળા કર્યા હતાં. આ ગોટાળાને કારણે અમેરિકાએ જે પ્રોજેક્ટ કાર્યાન્વિત ન થયો હતો તેની પાછળ ૬૦ મિલિયન ડોલર ખર્ચ્યાં હતાં.

**ખાલીખમ હેડ ક્વાર્ટર :** અમેરિકાએ હેલમેન્દ પ્રાંતમાં કેમ્પ લેધરનેક ખાતે ૬૪૦૦૦ ચો.ફૂટનું કમાન્ડ એન્ડ કંટ્રોલ ફેસિલીટી ઊભી કરવા પાછળ ૩૬ મિલિયન ડોલર ખર્ચ્યાં હતાં જેમાં એક વોર રૂમ હતો, બ્રિફીંગ થિયેટર હતું અને ૧૫૦૦ લોકો માટેનું પર્યાપ્ત ઓફિસ સ્પેસ હતું. પરંતુ કમનસીબે આ હેડ ક્વાર્ટર ખાલી જોવા મળ્યું હતું. તેનો ક્યારેય ઉપયોગ થયો ન હતો.

**હોટેલ શેલ :** ૨૦૯ રૂમની હોટલ અને ૧૫૦ રૂમના કાબુલ ગ્રાન્ડ રેસિડેન્સ એપાર્ટમેન્ટની ઈમારતના બાંધકામ માટે ઓવરસીઝ પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન દ્વારા લોનમાં ૮૫ મિલિયન ડોલરના ગોટાળા બહાર આવ્યા હતા.

**વણવપરાયેલ મિલિટરી કેમ્પ :** પેન્ટાગોને અફઘાન નેશનલ આર્મી માટે તુર્કમેનિસ્તાન સરહદ નજીક એક કેમ્પ બાંધવા ૩.૭ મિલિયન ડોલર ખર્ચ્યા હતા પરંતુ તેનો કોઈ ઉપયોગ કરાયો ન હતો.

# જન્માષ્ટમીના તહેવારોની ઉજવણીમાં 'મોંઘવારી' બનશે નડતરરૂપ

## સીંગતેલ, કપાસીયા તેલ અને રાંધણ ગેસના વધતા જતા ભાવોને પગલે ફરસાણ અને મીઠાઈની બજારમાં મંદીનો દોર







જૂનાગઢ તા. ૨૪

રક્ષાબંધન પર્વની સોરઠ અને સૌરાષ્ટ્રભરમાં ભાવભેર અને ઉત્સાહભેર ઉજવણી સંપન્ન થઈ છે અને હવે સાતમ-આઠમના તહેવારોની ઉજવણીનો માહોલ સર્જાયો છે પરંતુ આ વર્ષે તહેવારોમાં આસમાને પહોંચેલા ભાવોનું ગ્રહણ નડી શકે છે તેમ મીઠાઈ, ફરસાણના વેપારીઓ પોતાની મુંઝવણ વ્યકત કરી રહયા છે. સાતમ-આઠમના તહેવારો આડે હવે ગણત્રીના જ દિવસો બાકી રહયા છે અને બોળ ચોથથી ઉજવણીનો પ્રારંભ થતો હોય છે.

ભારતીય સંસ્કૃતિમાં તહેવારોનું આગવું અને અનેરૂં મહત્વ છે. દરેક તહેવારો પોત-પોતાની રીતે લોકમાનસામાં છવાયેલા છે. ત્યારે આગામી સાતમ-આઠમના તહેવારની પણ પરંપરાગત ઉજવણી થવાની છે. સાતમ-આઠમના તહેવાર ઉપર ખાસ કરીને મીઠાઈ, ફરસાણની પણ ખુબજ ખરીદી રહેતી હોય છે. લોકો રાંધણ છઠ્ઠથી જ ઘરે-ઘરે ફરસાણ અને મીઠાઈ બનાવવાનું શરૂ કરી દેતા હોય છે. સેવ, ગાઠીયા, ફાફડા, વાનાવા, ચવાણું, ચોરાફળી, ચેવડો, મીઠાઈમાં લાડવા, મોહનથાળ, બરફી સહિતની ચીજવસ્તુઓ બનાવતા હોય છે. આ તહેવારોની સાચી ઉજવણીનો પ્રારંભ બોળચોથના દિવસથી થતો હોય છે. આ દિવસે ગાય માતાના પૂજન સાથે તહેવારની ઉજવણી થતી હોય છે. ત્યારબાદ નાગપાંચમ, રાંધણ છઠ્ઠ, શિતળા સાતમ અને જન્માષ્ટમીના પર્વનો મનાવવામાં આવે છે. સતત પાંચ દિવસ સુધી આ તહેવારની ઉજવણી થતી હોય છે. છેલ્લા દોઢ વર્ષથી કોરોનાના સંક્રમણકાળની વચ્ચે ફસાયેલું જનમાનસ હવે ધીમે ધીમે ભયરહીત થતું જાય છે. જૂનાગઢ શહેર તથા ગુજરાતભરમાં કોરોનાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થઈ રહયો છે. અને શ્રાવણ માસના પ્રારંભ સાથે ભગવાન શિવજીની પૂજન-અર્ચન સાથે તહેવારોની ઉજવણીનો માહોલ પણ શરૂ થઈ ચુકયો છે. અત્યારના સમયમાં કોરોનાનો ડર દુર થયો છે પરંતુ લોકોને મોંઘવારીનો માર એટલો જ સતાવી રહયો છે. પેટ્રોલ, ડીઝલ, રાંધણગેસના સતત વધી રહેલા ભાવો, જીવન જરૂરીયાતની ચીજવસ્તુના આસામાને પહોંચેલા ભાવો, સીંગતેલ, કપાસીયા તેલ સહિતના ભાવો પણ ખુબજ ઉંચા જઈ રહયા છે અને જેને કારણે ફરસાણ, મીઠાઈ ઉપર પણ તેની અસર પડે તેમ છે. અત્યારથીજ જુદી જુદી વિવિધ પ્રકારના ફરસાણનાં કિલોએ ૧૫૦થી ૪૦૦ રૂપિયા સુધીના ભાવો છે જયારે મીઠાઈમાં ૧૬૦ થી ૫૦૦ સુધીના ભાવો રહયા છે. આ ભાવો જૂનાગઢ શહેરના છે જયારે અન્ય શહેરોમાં ભાવોમાં ફેરફાર છે. તહેવારોને લઈને દર વર્ષે ફરસાણ અને મીઠાઈની દુકાનોએ મંડપ બાંધીને વેંચાણ પ્રક્રિયા શરૂ થતી હોય છે. આ વર્ષે પણ ફરસાણ અને મીઠાઈના વેપારીઓ દ્વારા અત્યારથીજ જુદી જુદી વેરાયટીઓ બનાવવાનું શરૂ કરી દેવામાં આવેલ છે. મંડપો પણ બાંધવામાં આવી રહયા છે અને ફરસાણ તેમજ મીઠાઈની આઈટમોનું હાટ ભરાવવાનું છે પરંતુ એકતરફ મોંઘવારીનો માર અને બીજીતરફ વરસાદ ખેંચાતા ચિંતામાં વધારો થયો છે. આ ઉપરાંત ખાણી-પીણી અને થોડી ઘણી વસ્ત્રો, બૂટ - ચપ્પલ, શૃંગાર તેમજ શ્રાવણ માસ ચાલી રહયો હોય જેથી ઉપવાસ, એકટાણા થતા હોય શાકભાજીની માર્કેટમાં પણ તેજી છે. બટેટાની ખરીદી થતી હોય છે અને ફરાળી આઈટમોની વધારે ખરીદી રહે છે તો બીજી તરફ નાના માણસો ખાસ કરીને મજુરી કામ કરતા લોકો માટે તો આર્થિક સંકટ સતત ઘેરૂ બની રહયું છે. મોંઘવારી, કોરોના, વરસાદ ખેંચાવવો અને ફરસાણ અને મીઠાઈના વધતા જતા ભાવોની અસર આ વર્ષે સાતમ-આઠમના તહેવારો ઉપર પણ પડે તેવી શકયતા નકારી શકાતી નથી.

# શ્રાવણ માસનાં સોમવારે સોમનાથ મહાદેવને એક લાખ રૂદ્રાક્ષના પારાનો અદભુત શણગાર કરાયો

## ગઈકાલે ૩૦ હજારથી વધુ શિવભકતોએ શીશ ઝુકાવ્યું : શ્રાવણ માસના ત્રીજા સોમવારે મહાદેવને ૧૫ ધ્વજા ચઢી અને ૭ તત્કાલ મહાપૂજા શિવભકતોએ કરી : ગઈકાલે સવારથી સતત ઉમટી રહેલ ભકતોના જય સોમનાથના નાદથી મંદિર-પરીસરમાં શિવમય માહોલ છવાયેલો રહયો






(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૨૪

કોરોનાની વિદાય વચ્ચે ગઈકાલે શ્રાવણ સુદ એકમને ત્રીજા સોમવારે પ્રથમ જયોર્તિલીંગ સોમનાથ મહાદેવ મંદિર ખાતે વહેલી સવારથી ભાવિકોની ભીડ જમેલી જોવા મળેલ અને સાંજ સુધીમાં અંદાજે ત્રીસેક હજાર ભાવિકોએ શીશ ઝુકાવી પુણ્યનું ભાથુ બાંધેલ હતુ. ગઈકાલે સાંજે સોમનાથ મહાદેવને પ્રિય એવા એક લાખ રૂદ્રાશનો અદભુત શણગાર કરવામાં આવેલ હતો. જયારે રાજયમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા સહિતના શિવભકતો દ્વારા મહાદેવને કુલ ૧૫ ધ્વજાપૂજા અને ૭ તત્કાલ મહાપૂજા કરવામાં આવેલ હતી. દિવસભર મંદિરે ઉમટી રહેલ ભાવિકોની ભીડના જય સોમનાથના સતત ગુંજતા નાદથી પરીસરનું વાતાવરણ શિવમય બની ગયુ હતુ.

ગઈકાલે શ્રાવણ માસના ત્રીજા સોમવારના દિવસે વહેલી સવારથી સોમનાથ મંદિરે આવનાર ભાવિકો કોરોનાની ગાઈડલાઈન મુજબ પ્રથમ પાસ કઢાવ્યા બાદ સોશિયલ ડિસ્ટન્સના રાઉન્ડ મુજબ કતારબંધ લાઈન ઉપર ચાલી શીશ ઝુકાવી પુણ્યનું ભાથું બાંધતા નજરે પડતા હતા. ગઈકાલે સવારે ચાર વાગ્યે મંદિરના દ્વાર ભાવિકો માટે ખોલવામાં આવેલ હતા.

જયારે સાડા છ કલાકે પ્રાપ્ત મહાપુજન- આરતી કરાયા બાદ મહાદેવને વિવિધ પુષ્પો બિલ્વપત્રોનો શૃંગાર કરવામાં આવ્યા હતા. આ સમયે ભાવિકોના હર હર મહાદેવ અને ૐ નમઃ શિવાયના સતત થઈ રહેલા નાદથી મંદિર પરીસર શિવમય બની ગયું હતું. પોણા આઠ વાગ્યે સવા લક્ષ બિલ્વપૂજાનો, નવ વાગ્યે યાત્રીકો દ્વારા નોંધાવેલ રૂદ્રપાઠ, મૃત્યુંજય પાઠ, સવારે અગીયાર વાગ્યાથી મધ્યાહન મહાપુજા મહાદુર્ગધાભિષેક કર્યા બાદ મધ્યહાન આરતી કરવામાં આવી હતી. જયારે સાંજે મહાદેવને પ્રિય એવા એક લાખ રૂદ્રાશના પારાનો અદભુત શણગાર કરવામાં આવેલ જેના દર્શન કરી ભકતો ભાવવિભોર બની ગયા હતા. સાંજે સાત વાગ્યેક સાંય આરતી કરવામાં આવી હતી.

ગઈકાલે સવારે ૪ થી સાંજે ૬ વાગ્યા દરમ્યાન અંદાજે ૩૦ હજારથી વધુ ભાવિકોએ મહાદેવને શીશ ઝુકાવેલ હતું. જયારે રાજયમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા પરીવાર સાથે મહાદેવના દર્શનાર્થે પધારેલ હતા. તેમણે પરીવારજનો સાથે મહાદેવની ધ્વજાપૂજા અને તત્કાલ મહાપૂજા કરી રાજયવાસીઓની સમૃધ્ધી અને સારા સ્વસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી. ગઈકાલે શિવભકતો દ્વારા સોમનાથ મહાદેવને ૧૫ ધ્વજા ચડાવેલ અને ૭ તત્કાલ મહાપૂજા કરવામાં આવી હતી.

દર વર્ષે શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે મોટી સંખ્યામાં ભાવિકો સોમનાથ મહાદેવને શીશ ઝુકાવા આવતા જોવા મળે છે. જેમાં ઘણા બધા ભાવિકો પગપાળા વહેલી સવારથી સોમનાથ પહોંચે છે. જે મુજબ ગઈકાલ સવારથી સોમનાથ મંદિરે પંથકના આસપાસના ગામો અને ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શિવ ભકતો પગપાળા સોમનાથ આવતા જોવા મળ્યા હતા. આ પગપાળા આવતા ભક્તો રવિવારની મોડી રાત્રીના જ પોતાના ગામોમાંથી ગ્રૂપમાં એકી સાથે ચાલીને પદયાત્રા સ્વરૂપે નીકળી સોમવારની વહેલી સવારે સોમનાથ મંદિરએ પહોંચી જાય છે.

આ પગપાળા આવતા ભાવિકો માટે પંથકના સોમનાથ પહોંચવાના તમામ માર્ગો ઉપર સ્વયંસેવકોના અનેક ગ્રૂપ અને મિત્ર મંડળ દ્વારા ચા-પાણી, ઠંડા અને ફરાળના સ્ટોલ ઉભા કરી સેવા કરવા ધમધમે છે. જે રાત્રીના પણ ધમધમતા જોવા મળ્યા હતાં.

# જુગાર રમવામાં મહિલાઓ પુરૂષ સમોવડી બની

## જૂનાગઢ જીલ્લામાં પોલીસનાં ઠેરઠેર દરોડા : મહિલા અને પુરૂષો જુગાર રમતા ઝડપાયા

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ જીલ્લામાં શ્રાવણ માસમાં જુગારની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી છે અને જુગારરમવામાં મહિલાઓ પણ પુરૂષ સમોવડી બની હોવાનું જોવા મળે છે. પ્રાપ્ત વિગત મુજબ જૂનાગઢ એ ડીવીઝન પોલીસે દોલતપરા દાસારામ સોસાયટીમાં એપાર્ટમેન્ટનાં નાકા પાસે રેડ કરી ૭ મહિલાઓને રૂા.૪૩૪૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ હતી. જયારે બી ડીવીઝન પોલીસે શાંતેશ્વર રોડ ઉપર ત્રીમૂર્તી નગર, તિર્થ એપાર્ટમેન્ટ સામે જાહેરમાં જુગાર રમતી ૯ મહિલાઓને રૂા.૪૬૧૩૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે સી ડીવીઝન પોલીસે નાગરીક બેંક વાળી ગલી, તક્ષશીલા સ્કુલ પાસે, શેરી નં.૫માં જુગાર રમતી ૯ મહિલાઓને રૂા. ૧૦૩૩૦નાં મુદામાલ સાથે ઝડપી લીધી હતી. આ ઉપરાંત જૂનાગઢ તાલુકા પોલીસે ૬૬ કે.વી. યોગીનગર ખામધ્રોળ ગામે ચોકમાં જુગાર રમતા પાંચ શખ્સોને રૂા.૧૧૬૦૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા. જયારે ખડીયા ગામની સીમમાં ભીમજીભાઈ નાથાભાઈ કાંબલીયાની વાડીએ આવેલ મકાનનાં રૂમમાં નાલ ઉઘરાવી જુગાર રમી રહેલા ૯ શખ્સોને રૂા.૨,૩૩૦૩૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા. રેડ દરમ્યાન વાડી માલીક હાજર મળી આવ્યો ન હતો. જયારે ઈવનગર ગામે કાંતીભાઈ ઉકાભાઈ ટરેટીયાનાં રહેણાંક મકાનમાં પોલીસે રેડ કરી ૪ શખ્સોને રૂા.૨૦,૧૪૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા. રેડ દરમ્યાન મકાન માલીક હાજર મળી આવ્યો ન હતો.

જયારે કેશોદ પોલીસે કાલવાણી ગામનાં પાદરમાં રેડ કરી ૪ શખ્સોને જુગાર રમતા ઝડપી લઈ કુલ રૂા.૭૨૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે બાલાગામે પણ રેડ કરી બે શખ્સોને ૫૪,૧૦૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા. રેડ દરમ્યાન ૬ શખ્સોની નાસી ગયા હતા. જયારે માણાવદર પોલીસે ગોકુલનગર ખાતે રેડ કરી પાંચ શખ્સોને જુગાર રમતા ઝડપી લઈ રૂા.૧૪૮૮૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે થાનીયાણા ગામે રેડ કરી ૮ શખ્સોનો રૂા.૧૫,૫૭૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા. શીલ પોલીસે લાંગડ ગામે રેડ કરી ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા ચાર શખ્સોને રૂા.૧૨૧૧૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા. જયારે ચોરવાડ પોલીસે ખેરા ગામે રેડ કરી બે શખ્સોને રૂા.૮૨૦નાં મુદામાલ સાથે તેમજ બુધેચા ગામે રેડ કરી ચાર શખ્સોને રૂા.૮૩૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા જયારે એક શખ્સ નાસી ગયો હતો.

આ ઉપરાંત માળીયા હાટીના પોલીસે લાછડી ગામે રેડ કરી ૭ શખ્સોને રૂા.૩૭,૭૩૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા. જયારે માંગરોળ મરીન પોલીસે મકતુપુર ગામે રેડ કરી એક મહિલા સહિત પાંચ શખ્સોને રૂા.૧૨૯૩૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા. જયારે શાપુર ગામે રેડ કરી ત્રણ શખ્સોને ૧૦,૦૭૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા રેડ દરમ્યાન પાંચ શખ્સો નાસી ગયા હતા. જયારે આરેણા ગામે રેડ કરી ૪ પુરૂષો અને ૪ મહિલાઓને જુગાર રમતા ઝડપી લઈ રૂા.૩૪૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે રેડ દરમ્યાન ત્રણ મહિલાઓ નાસી ગઈ હતી.

## જૂનાગઢ જેલમાંથી ૬ એન્ડ્રોઈડ અને ૩ કીપેડ મોબાઈલ મળી આવ્યા, ચકચાર

### કાચા કામનાં કેદીઓ આ મોબાઈલનો ઉપયોગ કરતા હતા

જૂનાગઢ તા.૨૪ : જૂનાગઢ જિલ્લા જેલ સીસીટીવી કેમેરાથી સજ્જ હોવાછત્તાં અનેકવખત જેલમાં મોબાઈલ મળી આવે છે! વળી, સ્થાનિક અધિકારીઓને તો મોબાઈલ બાબતની જાણે જાણ જ થતી નથી! જ્યારે અમદાવાદની ઝડતી સ્કોર્ડ આવે ત્યારે જ મોબાઈલ પકડાય છે! ત્યારે જેલ સત્તાધીશોની કામગીરી સામે પણ લોકોમાંથી સવાલ ઉઠી રહ્યા છે. અગાઉ પણ અનેક વખત જેલમાંથી મોબાઈલ મળી આવ્યા હતા જે સિલસિલો હજુ પણ યથાવત રહ્યો છે. રવિવારે અમદાવાદના જેલર ગ્રુપ ૨ ઝડતી સ્કોર્ડના દેવશીભાઈ રણમલભાઈ કરંગીયા અને ૭ કર્મીઓએ જૂનાગઢ જેલમાં ઝડતી લીધી હતી. ત્યારે સર્કલ નંબર ૧ની ખોલીમાંથી ૬ એન્ડ્રોઈડ ફોન, ૩ કીપેઈડ ફોન, ૧૧ સિમ કાર્ડ અને ૧ મેમરી કાર્ડ મળી આવેલહતા. ઝડતી ટીમે કુલ ૩,૦૦૦નો મુદામાલ કબ્જે કર્યો છે. દરમ્યાન રજાક કાસમભાઈ સમા, મોહસિન ઉર્ફે હાજી હારૂનભાઈ સોઢા, મોસીન ઉર્ફે છુરી સતારભાઈ ચૌહાણ, કાસમ અયુબભાઈ સોઢા અને પ્રકાશ રાવતારામ મકવાણા સહિત કાચા કામના ૫ કેદીઓએ મોબાઈલ ફોન પોતાના હોવાનું અને ઉપયોગ કરતા હોવાની કબુલાત આપતા તેમની સામે એ ડિવીઝનમાં ગુનો નોંધાવ્યો હતો.

# જૂનાગઢમાં લોખંડનાં વેપારીઓ સાથે છેતરપીંડી કરનાર બે ઝડપાયા, બે ફરાર

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં લોખંડનાં વેપારી પાસેથી ખીલાસળીની ખરીદી કરી ધૂંબો મારનારા બે શખ્સને પોલીસે ઝડપી લીધા છે. બંનેની પુછપરછમાં વધુ ૨ નામ ખુલ્યા છે.





જૂનાગઢનાં લોખંડનાં બે વેપારી યોગેશભાઈ જમનભાઈ ખીચડીયા અને મહેશભાઈ ધોરાજીયા પાસેથી કુલ રૂા.૩,૨૯,૧૩૫ની લોખંડની ખીલાસળી બારોબાર ઓળવી જવાનાં ગુના નોંધાયા હતા. જેનાં આરોપીઓને ઝડપી લેવા એસપી રવિ તેજા વાસમ શેટ્ટી અને ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાએ સૂચના આપી હતી. દરમ્યાન ગત તા.૨૧ ઓગસ્ટે સી ડીવીઝન પોલીસનાં ઈન્દ્રજીતસિંહ અને આઝાદસિંહે બાતમીનાં આધારે ટીંબાવાડી પાસેથી ખીલાસળી ભરેલો એક ટ્રક રોકી તપાસ કરી બે શખ્સોની પૂછપરછ કરતા તેઓએ વંથલી રોડ યાર્ડ પાસેની, ખલીલપુર ચોકડી પાસે રોડ ઉપરથી અને માળિયાળા ગામ સ્મશાન પાસે રોડ ઉપરથી શૈલેષભાઈ છગનભાઈ પટેલ અને મહેશ પટેલનાં કહેવાથી ભર્યાનું જણાવ્યું હતું. બંનેએ પોતાનાં નામો અરજણભાઈ રત્નાભાઈ પરમાર અને કનૈયાલાલ મેઘજીભાઈ પિત્રોડા(રહે.બંને ગોંડલ) હોવાનું કહ્યું હતું. વધુમાં શૈલેષ અને મહેશ બંને સ્થાનિક વેપારીઓને શીશામાં ઉતારી તેમની મારફત લોખંડની ખીલાસળી ઉધારમાં લઈ રૂપિયા ચૂકવતા ન હોવાની કબુલાત આપી હતી. આથી પોલીસે બંનેની અટક કરી હતી. અને ટ્રક અને ખીલાસળી મળી કુલ રૂા.૯,૮૪,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બંનેની પૂછપરછમાં શૈલેષ સામે જૂનાગઢ, સુરત, જેતપુર, ભાવનગર, પોરબંદર અને વડોદરામાં ગુના નોંધાયાનું જાણવા મળ્યું હતું. આથી પોલીસે બંનેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યો છે.

મેસર્સ સી.એન. કંપની
હોલસેલ સુગર મરચન્ટ
દાણાપીઠ, જૂનાગઢ - ૩૬૨૦01
મો. ૯૪૨૯૯ ૩૮૮૪૨, ૯૮૨૫૨ ૨૦૫૦૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
એક શુભેચ્છક